# આધ્યાત્મિક કેડી

તંત્રી–સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૨ ] એપ્રિલ ૧૯૯૩ [ અંક ૨ જો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

---

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભટ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner

પરમશક્તિ મંત્ર

# ૐ મા ૐ



[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૨ ] ★ એપ્રિલ : ૧૯૯૩ ★ [ અંક ૨જો

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સત્ય | શાસ્ત્રીજી | ... | ૩ |
| મંત્રદ્રષ્ટા શાસ્ત્રીજી | | ... | ૧૧ |
| પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં | | ... | ૧૫ |
| સાચા ભક્તની શોભા | | ... | ૧૯ |
| અમૃતનું આચમન | | ... | ૨૨ |
| જ્ઞાનગોષ્ઠિ | | ... | ૨૪ |
| પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યક્રમ | | ... | ૨૬ |
| સમાચાર | | ... | ૨૮ |


**આપનું ૧૯૯૩ના વર્ષનું લવાજમ 'રીન્યુ' કરાવી લેશો.**

★ આ ત્રૈમાસિક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર માસમાં પ્રગટ થશે. ★ આપનું ૧૯૯૩ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી. ★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

॥ ૐ મા ૐ ॥

With Blessings from Pujya Gurudev

Agents for Meharashtra :

* **Murugan Agencies**
* **Kaytee Tex. Agencies**
* **Shriji Tex. Agencies**
* **S. V. Agencies**

S. V. FABRICS

59-A, Wholesale Cloth Market, Gandhi Bag,
NAGPUR - 440 002

Phones : 44758 - 42610 □ Gram : **Murugan**
Telex : 0715-611 Kanu in Fax : 712-42337

VIMAL®
A RELIANCE PRODUCT

**FABRICS**

# Reliance Industries Ltd.

**AHMEDABAD - BOMBAY**

**Vajubhai Gaglani * Kirit Gaglani * Tushar Gaglani**



Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી

એપ્રિલ : ૧૯૯૩

# સત્ય

**શાસ્ત્રીજી**

સમસ્ત વિશ્વમાં આદર પ્રાપ્ત કરનાર ભારતીય સંસ્કૃતિના મૂળમાં સદ્‌વિચાર, સદાચાર, સાત્ત્વિકતા, પ્રામાણિકતા અને પવિત્રતા જેવાં નૈતિક મૂલ્યોનો સ્વીકાર અને પ્રસ્થાપના થયેલાં જોવા મળે છે, તો તપ, શ્રદ્ધા, શીલ, ક્ષમા, ધૃતિ, તિતિક્ષા, સંયમ અને સત્ય જેવા સદ્‌ગુણોની તેમાં પ્રતિષ્ઠા થયેલી જોવા મળે છે. આવાં નૈતિક મૂલ્યો અને સદ્‌ગુણોની પ્રતિષ્ઠાથી જ તો ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં ઉન્નત અને પ્રેરક બની રહી છે અને રહેશે તેમાં સંશય નથી.

આ રીતે જોઈએ તો કોઈ પણ સંસ્કૃતિ માટે, સમગ્ર વિશ્વ માટે સત્ય એક ઉન્નત અને પ્રેરક બળ બની રહે છે, જે આનંદ ઉપજાવે તેવી હકીકત છે.

પ્રાચીનકાળથી અનેક શાસ્ત્રોએ, સંતોએ, સિદ્ધપુરુષોએ સત્યનો મહિમા ગાયો છે.

ઉપનિષદે સત્યની પ્રશંસા કરતાં કહ્યું છે :

**'સત્યમેવ જયતે, ના નૃતમ્'** – સત્યનો જ જય થાય છે, નહિ કે અસત્યનો.

સત્ય વ્રતના આચારનો આદેશ આપતાં જણાવાયું છે :

સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્ ન બ્રૂયાત્ સત્યમપ્રિયમ્ ।
પ્રિયં ચ નાનૃતં બ્રૂયાદેવ ધર્મઃ સનાતનઃ ।।

સત્ય બોલવું જોઈએ, પ્રિય બોલવું જોઈએ, સત્ય અપ્રિય રીતે ન બોલવું જોઈએ અને પ્રિય પણ અસત્ય ન બોલવું જોઈએ, એ સનાતન ધર્મ છે.

આમ સત્યનો સીધો સંબંધ વાણી, વર્તન, વ્યવહાર, આચાર અને ધર્મ સાથે છે અને તેથી સત્ય એક વ્રત બની જાય છે.

સત્ય શબ્દનો ઉચ્ચાર જ અસ્તિત્વમાં કંઈક ઉઘાડ કરી આપે છે. કંઈક વિશાળતાનો–વ્યાપકતાનો અહેસાસ કરાવે છે, તો તેનું આચરણ તો મનુષ્યને કેટલો બધો ઊર્ધ્વગામી બનાવતું હશે તેની સહેજ જ કલ્પના કરી જોવાની છે.

ત્યારે વિચારીએ કે – સત્ય એટલે શું ?

સત્ય એટલે કોઈપણ પદાર્થ, પાત્ર અને પરિસ્થિતિનું યથાતથ – જેવું હોય તેવું વર્ણન કરવું તે. સત્ય એટલે વાસ્તવિકતા. એથી આગળ વિચારીએ તો પદાર્થ, પાત્ર અને પરિસ્થિતિ અંગે તેના સમય, સંજોગ અને સ્થળના અનુસંધાનમાં સચોટ આકલન કરવું, વિશદતા પ્રાપ્ત કરવી, તેનું પૃથક્કરણ કરવું



Scanned by CamScanner

અને તેમાં રહેલા રહસ્યને સ્વ અને સમષ્ટિના હિતમાં પ્રગટ કરવાની પ્રામાણિક, સાત્વિક અને નિષ્ઠાપૂર્વકની વૈચારિક પ્રક્રિયા અને એ પ્રક્રિયાને અંતે જે ઉકેલ, નિરાકરણ, નિષ્કર્ષ પ્રાપ્ત થાય તે સત્ય.

સત્ય એક સનાતન તત્ત્વ છે. સર્વ વ્યાપક છે. સર્વમાં સંનિહિત છે. સત્ય એક અનુભૂતિ છે. સત્ય એક પ્રકાશ છે. ઉઘાડ છે. એક દર્શન (perception) છે, જે સ્વ અને સમષ્ટિ ઉભય સાથે સંબંધ ધરાવે છે.

સ્વ અને સમષ્ટિ, વૈયક્તિક અને વૈશ્વિક સ્તરપર વિહરતું સત્ય ગહન છે. દુષ્કર છે. દુર્બોધ છે. સત્ય એક નિરાકાર અને અગોચર તત્ત્વ છે. એ તત્ત્વનો આશ્રય ગ્રહણ કરી તેને બહાર આણવાથી તે સાકાર બને છે. અગોચર હોઈ તે બુદ્ધિગમ્ય બને છે અને વૈચારિક પ્રક્રિયા દ્વારા તેને પામી શકાય છે, જેને સમગ્રતયા પ્રાપ્તિ કે અનુભૂતિ અથવા ઉકેલ, નિરાકરણ કે નિષ્કર્ષ કહી શકાય.

સત્ય એ વાણીનું ભૂષણ છે. વાણીમાં જ્યારે સત્યનો રણકો ભળે છે ત્યારે તે અસરકારક અને પ્રભાવક બને છે. શબ્દ જ્યારે સત્યનો આશ્રય ગ્રહણ કરી તત્ત્વજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે તે સિદ્ધવાણી બની જાય છે તેથી જ આપણા ઋષિમુનિઓએ આપેલા મંત્રો, સ્તોત્રો, શાસ્ત્રોની રચના પથપ્રદર્શક બની છે. સત્યનો આશ્રય તો માત્ર વાણીને જ નહિ, પણ સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વ પર પોતાનો પ્રભાવ પાથરે છે. આથી શરીર તંદુરસ્ત અને નિરોગી બને છે, કાંતિ-તેજ વધે છે, મનની શક્તિ ખીલે છે, પવિત્ર બનાવે છે, આત્મબળને સમૃદ્ધ કરે છે, વ્યક્તિત્વનો વિકાસ કરે છે.

---

"પદાર્થ, પાત્ર, પરિસ્થિતિમાં રહેલા રહસ્યને સ્વ અને સમષ્ટિના હિતમાં પ્રગટ કરવાની પ્રામાણિક, સાત્વિક, અને નિષ્ઠાપૂર્વકની વૈચારિક પ્રક્રિયા અને એ પ્રક્રિયાને અંતે જે ઉકેલ, નિરાકરણ, નિષ્કર્ષ પ્રાપ્ત થાય તે સત્ય."

---

ભૌતિક જીવનનાં સુખ, સમૃદ્ધિ, ઉન્નતિ અને મનોકામનાની પૂર્તિ અર્થે સત્ય આવશ્યક અને અનિવાર્ય છે.

માનસિક શાંતિ અને સ્વસ્થતા માટે જરૂરી છે.

સત્યમાં લક્ષ્મી અને સરસ્વતીનો વાસ રહે છે. ચંચળ લક્ષ્મી સત્યમાં સ્થિર બને છે. સત્ય સરસ્વતીની પ્રતિષ્ઠા કરે છે.

સત્ય આત્મવિકાસનું એક મોટું પરિબળ છે.

સત્ય – self-perception–આત્મદર્શન કરાવે છે. આત્મ-સાક્ષાત્કાર કરાવે છે. સત્ય પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે.

સત્ય એ જ પરમાત્મા છે.

સત્ય એ બળ, ગતિ-force – છે જે મનુષ્યના અસ્તિત્વમાં સંનિહિત છે. વાયુમંડળમાં નિઃશબ્દ બની અગોચર રૂપે પ્રકાય છે ને પ્રભાવ પાથરે છે.

સત્ય પરમ ધર્મ છે, તપ છે, પૂજા છે અને તેથી તેનું આચરણ જરૂરી બની રહે છે.

મનુષ્યના સમગ્ર આંતરબાહ્ય અસ્તિત્વ અને વ્યક્તિત્વ સાથે સત્ય અવિનાભાવી સંબંધથી જોડાયેલું છે. તેથી સત્યનો પરિહાર કરવો શક્ય નથી, ઉચિત નથી. જે સત્યનો પરિહાર કરતો નથી અને કરવા માગતો જ નથી તે જ ઊલટે તો જે કંઈક શાશ્વત, હિતકારક ને ઉપકારક છે તેની જ પ્રાપ્તિ કરે છે, એટલું જ નહિ, પરબ્રહ્મના અનુરાગના પણ અધિકારી બનાવે છે.



Scanned by CamScanner

દીવો, વીજળી અને સૂર્યનો પ્રકાશ જેમ અંધકાર ભેદીને પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ અને સ્થાનનાં યથાતથ દર્શન કરાવે છે તેમ સત્ય વાસ્તવિકતાનું, યથાતથનું, ખરી પરિસ્થિતિ – હકીકતનું નિદર્શન પ્રાપ્ત કરાવ્યા વિના રહેતું નથી. એ એનો સ્વ-ભાવ છે. મનુષ્ય એવો આશ્રય ગ્રહણ કરે કે ન કરે, પણ એનો પ્રભાવ પથરાયા વિના રહેતો નથી. એ ક્યાંક ને ક્યાંક તો હાજર હોય જ છે. એનો આશ્રય ગ્રહણ કરનારની એ પડખે રહે છે ને એને વિજયી બનાવે છે. એનાથી વિમુખ બનનારને એ પરાજયી બનાવીને જ રહે છે. તેનો વિનાશ કરીને જ જંપે છે. મનુષ્ય જ્યાં જ્યાં સત્યનો પ્રકાશ ગ્રહણ કરીને જાય છે ત્યાં ત્યાંથી તે સત્ય – વાસ્તવિકતા–યથાતથતા–અવશ્ય પ્રાપ્ત કરી શકે છે એટલે સવાલ વ્યક્તિના જીવન પ્રત્યેના સત્યનિષ્ઠ અભિગમનો છે.

પણ —

---

"સત્યનો સ્વભાવ પ્રકાશ મેળવવાનો છે. સત્યનું કર્તવ્ય પ્રકાશની પ્રાપ્તિ છે. સત્ય સત્ય વડે જ ઉજ્જવળ બને છે. સત્યનિષ્ઠ અભિગમ જ સત્યનું મૂળ છે, સ્રોત છે, જ્યાંથી એક પ્રવાહનો પ્રારંભ થાય છે, તે વહેણ બને છે અને વ્યક્તિને તેમાં ડુબાડી પાવન કરે છે."

---

સત્યની વિજયમાળા પહેરવા માટે તો સત્યાશ્રયીએ ખૂબ મોટી કિંમત ચૂકવવી પડે છે. જિંદગીનાં તમામ સુખોનો પણ ભોગ આપવો પડે છે. જિંદગીનાં શક્ય અને સંભવિત સુખ, સગવડ, એશઆરામની પરવા પણ ન કરનારને, તેનો પણ ત્યાગ કરનારને એ ત્યાગ કરવાની ખુમારી કેળવનાર સત્યનિષ્ઠ ઉપાસકને જ સત્યનો સાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે.

પણ સત્યના આ સાક્ષાત્કારના મૂળમાં વ્યક્તિના સંસ્કાર, અભિગમ, પૂર્વનાં કર્મો અને ભાવના રહેલાં છે, જે મહત્ત્વનો ભાગ ભજવે છે.

મારી દૃષ્ટિએ સત્યનો સાક્ષાત્કાર સરળ છે. પણ એ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાની જે ગતિવિધિ છે, જે પ્રક્રિયા છે તે જ ખૂબ દુષ્કર છે કારણ કે તે મનોપ્રક્રિયા છે, એના અનુભવોમાંથી પસાર થવાની વાત છે, પરંતુ જેઓ શારીરિક અને માનસિક કષ્ટ વેઠીને, સમસ્ત અસ્તિત્વના બળથી સત્યને નિષ્ઠાપૂર્વક વળગી રહે છે, તે જ ભૌતિક રીતે સુખી, સમૃદ્ધ અને સંપત્તિવાન બને છે. તે પ્રભાવશાળી ને તેજસ્વી હોય છે, તે આત્મદર્શન કરી શકે છે. એટલું જ નહિ, આધ્યાત્મિક સુખ, શાંતિ અને સિદ્ધિ શક્તિ પણ મેળવી શકે છે.

સત્યનો સ્વભાવ પ્રકાશ મેળવવાનો છે.

સત્યનું કર્તવ્ય પ્રકાશની પ્રાપ્તિ છે.

આમ સત્ય સત્ય વડે જ ઉજ્જવળ બને છે.

સત્યનિષ્ઠ અભિગમ જ સત્યનું મૂળ છે – સ્રોત છે, જ્યાંથી એક પ્રવાહનો પ્રારંભ થાય છે, તે વહેણ બને છે અને વ્યક્તિને તેમાં ડુબાડી પાવન કરે છે. આમ સત્યની ફલશ્રુતિ પાવકતા છે, જે સાક્ષાત્કારના શિખર સુધી લઈ જાય છે.

વ્યક્તિના રોજબરોજના દૈનિક જીવનમાં જેમ કેટલીક ક્રિયાઓ સમાયેલી છે, તેમ જીવન જીવવાની પદ્ધતિમાં જ સત્યાચરણ પ્રત્યેની પ્રીતિ જોડાયેલી હોય છે અને હોવી જોઈએ એમ હું માનું છું. એ તેના પૂર્વનાં કર્મોનું, સંસ્કારનું, અંગત અભિગમનું, કૌટુંબિક વાતાવરણનું પરિણામ છે. જીવનનો



Scanned by CamScanner

આરંભકાળથી જ સત્યાચરણને પરિણામે વ્યક્તિ ક્રમશઃ પ્રગતિ કરતો રહે છે. જો કે તેની પ્રગતિમાં ભૌતિક રીતે અનેકાનેક વિરોધો, મુસીબતો, આપત્તિઓ, મૂંઝવણો આવતાં રહે છે. પણ સત્યાચરણ જ એ અવરોધોને પાર કરવાની શક્તિ આપે છે, એનો આનંદ જ કંઈક ઓર હોય છે; કારણ કે સત્યનિષ્ઠ હોવાને પરિણામે તેનામાં એક પ્રકારની સાત્ત્વિક, નક્કર ને ચિરંજીવ આશાનો, શ્રદ્ધાનો સ્રોત ઉદ્ભવે છે. જે એને મંઝિલનાં દર્શન કરાવે છે, બલ્કે એમ કહી શકાય કે મંઝિલ એની સન્મુખ આવીને ઊભી રહે છે. એટલું જ નહિ, જીવનપથનાં પ્રત્યેક પગલાં પર તે પ્રકાશ પાથરે છે અને ગન્તવ્યસ્થાન ભણી ગતિ કરાવે છે. સત્યના ઉપાસકનો માર્ગ કંઈ સરળ–સહજ નથી હોતો. જીવનપથના પ્રત્યેક પગલા પર અનેક અવરોધો આવીને ઊભા રહી જાય છે, તેમ છતાં અવરોધોના એ ખડકોની વચ્ચે પણ સત્યનિષ્ઠા આત્મપ્રતીતિ જગાવે છે, આત્માનો અવાજ જગાવે છે; જે તેને માર્ગ દર્શાવે છે. બળ આપે છે અને તે એકલપંડે જ આગળ વધવા કટિબદ્ધ બને છે. તેને કોઈ ભૌતિક સહારો નથી, પણ એક માત્ર અગોચર તત્ત્વ એવા સત્યનો તેને સાથ છે, તે ચાલવા માંડે છે અને ગાઢ અંધકારમાં પણ આગળ વધવાનો માર્ગ તે આપોઆપ પ્રાપ્ત કરી શકે છે. આ એક સૂક્ષ્મ સઘન અનુભૂતિ છે. એ અનુભૂતિ પ્રાપ્ત કરવા આત્મશક્તિની જરૂર છે અને તે સત્યનિષ્ઠ આચરણ વડે જ પ્રાપ્ત કરી શકાય છે.

સત્યાચરણ એટલે મન, વચન અને કર્મની પવિત્રતા, એકતા અને ઈશ્વરમાં શ્રદ્ધા. ઈશ્વરમાં શ્રદ્ધા રાખી જેવું વિચારો તેવું જ ઉચ્ચારો, તેવું જ કાર્ય કરો. પણ વિચારો સાત્ત્વિક, જેવું હોય તેવું–જેવું લાગે તેવું કહેવાની હિંમત અને જે યોગ્ય લાગે તે જ પ્રમાણે તેનું આચરણ કરવાની સમસ્ત અસ્તિત્વની પ્રક્રિયા તે જ સત્યાચરણ. વ્યક્તિના વિચારોની, રજૂઆતોની, કાર્યોની યોગ્યતા તે જ સત્યાચરણ. તેની પ્રતીતિ ક્યારેક ક્યારેક કોઈ અનુભવીઓ, જ્ઞાનીઓ પાસેથી પ્રાપ્ત થઈ જાય છે, તો ક્યારેક ક્યારેક અંદરથી એક અવાજ ઊઠ્યા કરે છે, એક બળ ઉદ્ભવ્યા કરે છે; જે તેને તેમ કરવાની પ્રેરણા અને શક્તિ આપે છે. વ્યક્તિને યોગ્યતા–અયોગ્યતા અંગે આંતર સંકેતો પણ પ્રાપ્ત થાય છે, જેનાથી પણ તે તેમ કરવા પ્રેરાય છે. આવા આંતર સંકેતોને પરિણામે વ્યક્તિ જીવનમાં યોગ્ય અને સાત્ત્વિક દિશા પ્રાપ્ત કરે છે અને એ દિશામાં પ્રગતિ કરે છે. સત્યાચરણ એ આત્મબળની ગતિવિધિ છે. પ્રક્રિયા છે, પ્રવર્તન છે અને તેથી જ તે દુષ્કર છે. સત્યાચરણ અને વ્યક્તિની કસોટી છે, જેનાથી તે વધુ ને વધુ પવિત્ર, સાત્ત્વિક અને તેજસ્વી બને છે અને સત્ય તેની વધુ ને વધુ સમીપ વેગપૂર્વક આવતું જાય છે.

તેવું પવિત્ર, સાત્ત્વિક અને તેજસ્વી વ્યક્તિત્વ કુટુંબ અને સમાજમાં આદર, માન અને પ્રેમના અધિકારી બનાવે છે. આસપાસના વાતાવરણમાં તેનો પ્રભાવ પથરાય છે. આવો સત્યાશ્રયી માનવ માનવતાથી વિભૂષિત હોઈ સૌ કોઈ તેનું સાન્નિધ્ય ઝંખે છે અને તેના સાન્નિધ્યમાં શાતા મેળવે છે.

સત્યાચરણ વ્યક્તિની સ્વયંસ્વીકૃત અગ્નિપરીક્ષા છે અને વ્યક્તિ સ્વકીય બળ, પ્રેરણા અને આત્મશક્તિથી જ તે પાર કરે છે. કરી શકે છે. આ પરીક્ષા પાર કરતાં કરતાં તે ક્યારેક ખૂબ થાકી જાય છે, નિરાશ થઈ જાય છે, તે એકલો પડી જાય છે, તો સ્વજનો–મિત્રોની વચ્ચે પણ તે એકલતા અનુભવે છે અને તેને લાગે છે કે તેના પ્રાણ પણ નીકળી જશે. અને તેમ છતાં જે આત્મપ્રેરણાને અને આત્માના અવાજને વળગી રહે છે, તે જ કંઈક પ્રાપ્ત કરે છે અને અગ્નિપરીક્ષા પાર કરે છે.

આ સાથે જ ઈશ્વરમાં અનન્ય અતૂટ શ્રદ્ધા પણ અનિવાર્યપણે આવશ્યક બની રહે છે. કારણ કે અડગ શ્રદ્ધાનું બળ તેને સત્યનિષ્ઠ અભિગમ અને આચરણ કરવાની શક્તિ આપે છે. ઈશ્વરમાં શ્રદ્ધાના બળે તે હૃદયપૂર્વક પ્રાર્થના કરે છે, સમસ્ત અસ્તિત્વનું સમર્પણ કરે છે, અસ્તિત્વના અદમ્ય બળથી



Scanned by CamScanner

તે હૃદયનો પોકાર પાડે છે, ભક્તહૃદયનો એ પોકાર પ્રભુહૃદય સાથે અથડાય છે ને તેને ઈશ્વરીય શક્તિ મળે છે એટલું જ નહિ, તેને સત્યનિષ્ઠ અભિગમ અને આચરણ કરવાની પ્રેરણા, હિંમત, સંકેત અને બળ મળે છે.

આવા સત્યનિષ્ઠ અભિગમ અને આચરણવાળા વાતાવરણમાં જ લક્ષ્મી પ્રસન્ન બનીને આવે છે. અલબત્ત અહીં કર્મનો સિદ્ધાંત જરૂર લાગુ પડે છે અને તદનુસાર જ તેને ધનપ્રાપ્તિ થાય છે, આર્થિક લાભ થાય છે. પરંતુ મારું કહેવાનું તાત્પર્ય એ છે કે, શ્રદ્ધાશીલ અને સત્યનિષ્ઠ વ્યક્તિને તેની જરૂરિયાત જેટલું અવશ્ય મળી જ રહે છે, મળ્યા કરે છે ને તેનો જીવન વ્યવહાર સરળ બને છે. સમયાન્તરે તેની આર્થિક પ્રાપ્તિમાં વૃદ્ધિ થતી જાય છે અને સુખ, સમૃદ્ધિ અને વૈભવમાં આળોટવા લાગે છે. અહીં ચંચળ લક્ષ્મી સ્થિર અને પ્રસન્ન બની વાસ કરે છે કારણ કે અહીં આંતરબાહ્ય સત્યનિષ્ઠ આચરણ અને અભિગમ છે, જેને પરિણામે તેના વિનિયોગમાં વિવેક છે, સેવા છે, ઔદાર્ય છે, પ્રેમ છે, કરુણા છે. આવા વાતાવરણમાં લક્ષ્મીને વાસ કરવો ગમે છે.

વ્યક્તિ જીવનપથ પર આત્માના અવાજ અને પ્રેરણાના પ્રભાવે, ઈશ્વરાધીન બનીને જે પ્રકારનું આચરણ કરે છે, કાર્યો કરે છે, જિંદગી જીવે છે, જે મુસીબતો – સંઘર્ષો સામે ઝઝૂમે છે, અભાવો વેઠે છે પણ પથ બદલતો નથી તેમાં વ્યક્તિનો સત્યનિષ્ઠ અભિગમ જ કાર્યશીલ બનતો હોય છે ને એથી તો તેનો વ્યક્તિને ખૂબ મોટો માનસિક સંતોષ રહે છે, શાંતિ રહે છે. જિંદગીના અભાવો, માનસિક યાતનાઓની વચ્ચે પણ તે સત્યનિષ્ઠ હોવાની આત્મપ્રતીતિ તેને અંદરની શાંતિ અને સ્વસ્થતા અપાવે છે. તે ઈશ્વરપરાયણ બની આત્મપ્રતીતિ અને અંદરની શાંતિ તેમ જ સ્વસ્થતા ધારણ કરીને જીવનપથ પર આગળ વધતાં તેના પગલે પગલે ઈશ્વરનો અનુરાગ નીતરે છે. મનુષ્યજીવનની આ બહુ મોટી નીપજ બની રહે છે.

જીવનપથ પર આગળ વધતાં વ્યક્તિએ સાચું બોલવાની, સાચું કાર્ય કરવાની, સત્કર્મ કરવાની ખ્વાહિશ અને ધગશ હોવી જરૂરી છે. સમગ્ર ભૌતિક અને આધ્યાત્મિક જીવનની આ બહુ મોટી આધારશિલા છે, તો માનવહૃદયની ભાવનાઓ, લાગણીઓ, પ્રેમનો સત્કાર કરવાની જીવનની અનિવાર્ય, આવશ્યક અને પ્રમુખ શરત છે. માનવહૃદયને ભાવાત્મક આઘાતો ન આપવામાં, એવા આઘાતો પહોંચે એવાં કાર્યો – મન, વચન અને કર્મથી – ન કરવામાં જ સત્યનિષ્ઠ આચરણ છે. એ જ ભૌતિક – આધ્યાત્મિક સમગ્ર જીવનની આધારશિલા અને શરત છે. એ આધારશિલા પર રચાતી જીવનની ઈમારત નયનરમ્ય, ગગનચુંબી અને વિશાળ બને છે એમ મારું માનવું છે.

ભૌતિક જીવનના અનેકવિધ સંઘર્ષો, સત્યનિષ્ઠ આચરણ, ઈશ્વરમાં શ્રદ્ધાના અનન્ય પ્રવર્તનને અંતે હૃદયની આવી વિશાળતાની સાથે વ્યક્તિની આધ્યાત્મિક ગતિનો આરંભ થાય છે. કારણ કે મન, વચન અને કર્મની પવિત્રતા – એકતા એ આવા સત્યનિષ્ઠ આચરણ દ્વારા પ્રાપ્ત થાય છે. અને એ પ્રાપ્તિની સાથે જ આધ્યાત્મિક ગતિનો આરંભ થાય છે. અથવા એમ કહો કે આધ્યાત્મિકતાની પ્રાપ્તિ માટે, ગતિ માટે સત્યનિષ્ઠ આચરણ અનિવાર્ય અને આવશ્યક એવી પ્રમુખ શરત છે.

શા માટે અને કઈ રીતે?

વ્યક્તિ ઈશ્વરપરાયણ હોય અને નિયમિત જપ ધ્યાન અને સેવા કરતો હોય પણ તે જો જૂઠું બોલે, સામાન્ય જીવનવ્યવહારમાં કે કોઈક કટોકટીની પળોમાં પણ પોતે જે કંઈ જાણતો હોય, પોતાને જે કોઈ માહિતી હોય, પોતાની પાસે જે કંઈ આવડત હોય, સૂઝ હોય, જ્ઞાન હોય તેને તે વ્યક્ત ન



Scanned by CamScanner

કરે, તેનો ઉપયોગ ન કરે, તેનો ઉપયોગ કરીને કટોકટીની પળોમાં કોઈને મદદરૂપ ન થાય, કોઈનો બચાવ ન કરે, પોતે એક માત્ર ઢાલ બની શકે તેમ હોવા છતાં તે પોતે અલિપ્ત રહે તે યોગ્ય નથી. પણ તેમ ન કરતાં કોઈની પણ શેહ-શરમમાં તણાયા વિના પોતે જે, જેવું અને જેટલું જોયું હોય, જાણ્યું હોય, અનુભવ્યું હોય તેનો ઉપયોગ કરે તો તે સમગ્રના હિતમાં અતિ આવશ્યક અને અનિવાર્ય બની જાય છે એથી માનવજાતની બહુ મોટી સેવા પણ થઈ શકે છે. આથી જેઓ આધ્યાત્મિક માર્ગે વળ્યા છે અથવા આધ્યાત્મિક માર્ગે જ આગળ વધવા માગે છે તેઓને માટે સત્યનિષ્ઠ આચરણ અનિવાર્ય અને આવશ્યક છે. કારણ કે સત્યનિષ્ઠ આચરણ મનુષ્યના અસ્તિત્વની આંતર પ્રક્રિયા છે જે ઘણી જ કષ્ટદાયક અને દુષ્કર છે પણ જે કષ્ટ વેઠી એ પાર પાડે છે તેના પર ઈશ્વરનો અનુરાગ ઊતરે છે એટલું જ નહિ, તે ઈશ્વરીય અનેકવિધ અનુભૂતિઓ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. તેનામાં આત્મશક્તિનો ઉઘાડ થાય છે. તે આંતર સંકેતો પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવી શકે છે. પરબ્રહ્મની લીલાને પામવાની, સમજવાની, અનુસરવાની શક્તિ પણ પ્રાપ્ત કરી શકે છે. કોઈ પણ પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ અને વાતાવરણના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવતાં જ તદંતર્ગત રહસ્યોનો તેને સંકેત પ્રાપ્ત થઈ જાય છે. તેનો ખ્યાલ આવી જાય છે. પોતાના જ સ્વજનો, મિત્રો અને પોતે જે વાતાવરણમાં રહે છે કે જાય છે તે વાતાવરણ અને વ્યક્તિમાં ક્યારેક મનુષ્ય માટે છૂપો અણગમો, ઉપેક્ષા, કે અમુક પ્રકારની પ્રતિકૂળતાઓ ઉપસ્થિત થાય છે ત્યારે તે સઘળાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવતાં જ તેનો તેને ખ્યાલ આવી જાય છે અને ખ્યાલની સાથે જ મનુષ્યને તેના ગન્તવ્યની દિશા બદલવાની જરૂર છે કે નહિ, જો જરૂર ન હોય તો તે પથ પર આગળ વધતાં કેવી અને કઈ સાવચેતી રાખવાની જરૂર છે,

---

> સત્યનિષ્ઠ આચરણ મનુષ્યના અસ્તિત્વની આંતરપ્રક્રિયા છે, જે ઘણી જ કષ્ટદાયક અને દુષ્કર છે, પણ જે કષ્ઠ વેઠી એ પાર પાડે છે તેના પર ઈશ્વરનો અનુરાગ ઊતરે છે એટલું જ નહિ તે ઈશ્વરીય અનેકવિધ અનુભૂતિઓ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

---

એવી સાવચેતીની પણ જરૂર છે કે નહિ, તેનો સઘળો તાગ તેને મળી જાય છે અને મનુષ્યનો માર્ગ મોકળો બને છે. ક્યારેક એમાં અવરોધ જણાતાં, ઈશ્વરપ્રાર્થના કરતાં તેને બળ પણ જરૂર મળે છે. પોતે સાવધાની-સાવચેતી દાખવતાં છેવટે વિરોધીઓના હાથ હેઠા પડે છે, જે પરિબળો જે વ્યક્તિનું અહિત કરવા ઇચ્છતા હોય તેમાં તેઓ ફાવી શકતા નથી. સત્યાચરણની આ બહુ મોટી ફલશ્રુતિ છે. આવી ફલશ્રુતિની પ્રાપ્તિને કારણે વ્યક્તિ સંભવિત અને શક્ય ઘણાં મોટાં ષડયંત્રોમાંથી ઊગરી જાય છે. ઈશ્વરની આ બહુ મોટી કૃપા છે, કરુણા છે.

મનુષ્ય ઘણી વાર ઇચ્છિત કાર્યો પાર પાડી શકતો નથી ત્યારે તેનામાં બીજા માટેની ઈર્ષ્યાનો આરંભ થાય છે. કોઈની પ્રગતિ, કોઈના જીવનનાં સુખ-સમૃદ્ધિ, સ્વસ્થતા સહન થઈ શકતાં નથી ને તેનામાં ઈર્ષ્યાનો ઉદ્ભવ થાય છે. આથી તે મનુષ્યની પ્રગતિમાં, સુખમાં, સ્વસ્થતામાં, સમૃદ્ધિમાં અનેકવિધ અવરોધો ઊભા કરવાની પ્રક્રિયા શરૂ કરે છે. પણ જેને વિશ્વપતિનો આધાર છે, અને વિશ્વપતિને જે પ્રિય છે એવું સત્યાચરણ જેની અડખેપડખે કવચ બનીને ઊભું છે એ કવચ સાથે પેલા અવરોધો બોલકા બનીને અથડાઈ અથડાઈને સ્વયં જ કણકણમાં વિખેરાઈ જાય છે. પેલી વ્યક્તિ ઈશ્વરનો અનુરાગ પ્રાપ્ત કર્યાની પરબ્રહ્મના સાન્નિધ્યની-સામીપ્યની અનુભૂતિ પ્રાપ્ત કરીને વધુ સુખી, સમૃદ્ધ અને સ્વસ્થ બને છે અને અવરોધો ઊભા કરનારાઓ સમાજમાં ઉઘાડા પડે છે અને સમાજ પેલા સત્યનિષ્ઠની સહાનુભૂતિ બને છે. તેને માન, આદર અને પ્રેમનો અધિકારી બનાવે છે.



Scanned by CamScanner

માટે કદી જૂઠું બોલવું નહિ. જૂઠું આચરવું નહિ. જૂઠાણું પ્રગટ થયા વિના રહેતું નથી. એથી તો સીધા ઈશ્વરના જ અપ્રિય બનાય છે અને કુટુંબ અને સમાજમાં માનહાનિ થાય છે. આથી સાચું બોલવું, સાચું આચરણ કરવું, સાચું બોલવામાં અને સાચું આચરણ કરવામાં તટસ્થ ભાવ અને સમ્યક્ દૃષ્ટિ તેમ જ સમષ્ટિના શ્રેયની ભાવના રહેલી છે. એમાં અભિગ્રહ-પૂર્વગ્રહ તેમ જ આસક્તિનો અભાવ હોય છે અને એ આવશ્યક અને અનિવાર્ય છે. એથી કરીને પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ અને વાતાવરણનું આકલન થઈ શકે, વિશદતા પ્રાપ્ત થઈ શકે અને એની રજૂઆત કરવાની હિંમત, બળ અને ખુમારી આવે એટલું જ નહિ, ગાડરિયા પ્રવાહની સામે તમે એકલા જ માત્ર સત્યનિષ્ઠ આચરણ, ઈશ્વરશ્રદ્ધા અને પોતીકી દૃષ્ટિ (self-perception)ના આધારે તમે ટકી શકો. વ્યક્તિના જીવન, વ્યક્તિત્વ અને અસ્તિત્વની આ બહુ મોટી નિપજ ગણી શકાય.

સત્યમાં એક વિશાળતાની દૃષ્ટિ સમાયેલી છે અને તેનો સીધો સંબંધ જ વિકાસ સાથે જોડાય છે, એટલે એનો આશ્રય વિકાસ અને વિશાળતાની પ્રાપ્તિ નિઃશંક કરાવે જ છે, આવશ્યકતા છે કેવળ એને માટે ઝઝૂમવાની, તપવાની અને એથી જ સત્ય એક તપ છે. દા. ત. એક વ્યક્તિ પોતાનાં પ્રારબ્ધ કર્મોના પ્રતાપે, ઈશ્વર કૃપાના આધારે ખૂબ સુખી છે. તે માનવતાથી સભર છે. સેવાભાવી છે. સૌ સાથે હળીમળીને રહે છે, પણ તેની આસપાસના વર્તુળનાં પરિબળો જ તેના જીવનમાં કોઈ ને કોઈ રીતે અવરોધો સર્જવાની પેરવીમાં જ રહે છે. તેની નિકટના સાથીઓ પણ એક યા અન્ય મિષે

---

> **સત્ય પ્રાપ્તિ એ તો અસ્તિત્વના વલોવણાની, જીવન, સંસાર અને જગતને જોવાની દૃષ્ટિમાંથી પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિ જેટલી સાફ અને તટસ્થ તેટલી સત્યપ્રાપ્તિ જલ્દી થાય.**

---

તેનાથી વિમુખ રહે છે. તેની જિંદગીમાં અન્ય અનેક સંઘર્ષો આવે છે, અનેક માનસિક આઘાતો તેને મળી જવા કોઈ હિંસક પ્રાણીની જેમ મોં વકાસીને ઊભા જ હોય છે. આવી પરિસ્થિતિ કોઈ પણ વ્યક્તિને નિરાશ અવશ્ય કરે, તેમ આ વ્યક્તિ સત્યાશ્રયી પણ નિરાશ થાય છે, તેનું દિલ ટુકડે ટુકડા બનીને વેરવિખેર થાય છે પણ તે પોતાની દૃષ્ટિ બદલતો નથી, શ્રદ્ધાને ઝાંખી પડવા દેતો નથી અને અંતે તે એક પરિશુદ્ધ માનવી તરીકે સમાજમાં સન્માનનો અધિકારી બને છે, તેણે જે વેઠ્યું, જે સહન કર્યું તેની કદર કરે છે અને છેવટે તે આધ્યાત્મિક દર્શનનો અધિકારી બને છે.

પણ આ આધ્યાત્મિક દર્શનની પ્રાપ્તિનો મુખ્ય આધાર સંયમ સાથે છે. આપણે સંયમ અંગે અગાઉ ચર્ચા કરી ગયા છીએ એટલે એની વિગતોમાં અત્રે ઊતરવાની જરૂર લાગતી નથી. પણ આધ્યાત્મિક દર્શનની પ્રાપ્તિમાં શરીર, મન, વૃત્તિ, પ્રવૃત્તિ અને ઇન્દ્રિયોનું નિયંત્રણ આવશ્યક અને અનિવાર્ય બને છે. એથી શારીરિક, માનસિક અને વાચિક તપશ્ચર્યા થાય છે. વાચિક તપમાં વાણી પર આપોઆપ સંયમ આવે છે. મનના વ્યાપારોનું નિયંત્રણ કરવાથી સ્વસ્થતા અને એકાગ્રતાથી વિચારી શકાય છે. સ્વસ્થ અને ઉન્નત વિચારો પ્રાપ્ત થતાં તે વાણી અને વર્તનમાં વ્યક્ત થાય છે. આમ થવાથી શરીર આપોઆપ નિરોગી રહે છે–અને છે. વાણીનો અનાવશ્યક વિનિયોગ કરીને વેડફી નાખવાથી સત્ય પ્રાપ્ત થતું નથી. સત્ય બોલવું, સત્ય વિચારવું અને સત્યનું આચરણ કરવું એ જીવનનું સાચું તપ છે. જ્યારે સત્ય ઉચ્ચારવાનો નિશ્ચય થાય છે ત્યારે ત્યારે વિચારો ઉપર પણ તેટલા જ પ્રમાણમાં અંકુશ રાખવો જરૂરનો છે. વાણીના સંયમ સાથે વિચારનો સંયમ આપોઆપ સધાય છે. સત્યને ખાતર પ્રાણની પણ પરવા ન કરનારો પરમ તત્ત્વની પ્રાપ્તિ કરવાનું સૌભાગ્ય અવશ્ય પ્રાપ્ત કરે છે.

સત્ય એ પૂજા છે. ઉપાસના છે. આપણે પૂજામાં કુમકુમ, અક્ષત, ઘૃતદીપ, અગરબત્તી જેવાં અનેક દ્રવ્યો–સામગ્રીઓનો ઉપયોગ કરીએ છીએ. ઉપાસનામાં જપ, ધ્યાન, નામસ્મરણ વગેરે કરીએ છીએ. પરમ તત્ત્વની પ્રાપ્તિના આ બાહ્ય ઉપચારો છે. સાચી સાધના તો પરમ તત્ત્વ સાથે સાયુજ્ય સાધવાની છે. આ સાયુજ્ય તો અસ્તિત્વ નિર્મળ, નિષ્કલંક અને નિષ્કપટ હોય તો જ પ્રાપ્ત થઈ શકે. સત્ય વિચાર, સત્ય ઉચ્ચાર અને સત્ય આચાર એ જ શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. ઉપચાર છે, ઉપાય છે. પૂજા છે. સાધના છે. સેતુ છે. લૌકિક દ્રવ્યોની સુવાસ કરતાં સત્યની સુવાસ ચિરંજીવ ને શાશ્વત છે. સુવાસમય પરમાત્મા સત્યની સુવાસમાં સહેલાઈથી સમાઈ જાય છે.

સત્યાચરણ એ જ સાચો ધર્મ છે, ફરજ છે. પદાર્થ, પાત્ર, પરિસ્થિતિ અને વાતાવરણના રહસ્યનો, મર્મનો યથાયોગ્ય સમયે જે સ્ફોટ નથી કરતો તે પોતાનો ધર્મ ચૂકે છે. જે વ્યક્તિ યથાયોગ્ય સમયે સત્યનો વિનિયોગ કરે છે તે પોતાની ફરજ બજાવે છે અને એ રીતે માનવજાતની ઘણી મોટી સેવા કરે છે.

સત્ય એ જ બ્રહ્મ છે. સત્ય એ જ જ્ઞાન છે. સત્ય વડે જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. સત્યના આધારે જ જ્ઞાનપ્રાપ્તિ થાય છે. સત્યાચરણની તમામ ગતિવિધિ, પ્રક્રિયાઓમાંથી પસાર થયા પછી જે રહસ્યો પ્રાપ્ત થાય છે તે જ જ્ઞાન. એ જ્ઞાનના આધારે આગળ વધતાં વધતાં પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જ્યાં સત્યાચરણ છે ત્યાં જ પરબ્રહ્મનો વાસ છે. જ્યાં સત્યાચરણ છે, ત્યાં સરસ્વતીનો વાસ રહે છે. સત્ય વાણી, જ્ઞાન એ સરસ્વતીનું રૂપ છે. સરસ્વતી પરબ્રહ્મનું માતૃરૂપ છે. સત્ય સરસ્વતી, વિદ્યા, જ્ઞાનનું રૂપ હોવાથી જ ભારતીય સંસ્કૃતિમાં તેનો સ્વીકાર થયો છે, મહિમા કરાયો છે, પ્રતિષ્ઠા થઈ છે.

કુરુક્ષેત્રમાં અર્જુનને બોધ આપતાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સત્ય દૈવી ગુણ હોવાનું જણાવે છે. મહાભારતના યુદ્ધનું રહસ્ય તો એ જ હતું કે કૌરવોએ કરેલા અન્યાય સામે પાંડવોએ યુદ્ધ લડવું. તે સમય અને સંજોગની તાસીરમાં યુદ્ધ અનિવાર્ય હતું. અર્જુન માટે, પાંડવો માટે, તે વખતની પરિસ્થિતિને અનુલક્ષીને યુદ્ધ એ જ કલ્યાણ હતું. સાચું રહસ્ય હતું, એ જ ધર્મ હતો, જેનો અર્જુન ધનકાર કરી રહ્યો હતો. આથી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિના અનુસન્ધાનમાં યુદ્ધની અનિવાર્યતાના સત્યનું નિદર્શન ભગવાને કરી આપ્યું અને સત્ય દૈવી ગુણ હોવાનું પ્રતિપાદન કર્યું.

અર્જુનની મનોવેદના, પાંડવો માટે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ આપણા સૌની છે. અર્જુનની મનોવેદનાની પરાકાષ્ઠાએ જ ભગવાનને સ્વયં બોધ આપવાની આવશ્યકતા ઉપસ્થિત થઈ અને જ્ઞાન લાધ્યું.

સમસ્ત અસ્તિત્વના અણુએ અણુમાંથી ટપકતી ઘન આંતરવ્યથા, માનસિક સંઘર્ષોના અન્તે, જીવનપથ પરના પ્રત્યેક પગલે વિરોધો, અવરોધો, મુસીબતો, આપત્તિઓ, આનન્દ, હતાશા અને દિલના ટુકડે ટુકડા થઈ કણ કણમાં વિખેરાઈ જતા હોવાની, જીવનનો ઉત્સાહ, ઉમંગ નામશેષ થયાની સઘન અનુભૂતિઓની પરંપરાને અન્તે જે કંઈ શાશ્વત પ્રાપ્ત થાય છે તે સત્ય, જે અસ્તિત્વને સભરતાની, હળવાશની, ખુમારીની, નિજાનન્દની અનુભૂતિ કરાવે છે. આ બધાને અંતે વ્યક્તિ આત્મશક્તિ અને આત્મદર્શન પ્રાપ્ત કરવાની અધિકારી બને છે.

સત્યપ્રાપ્તિ એ તો અસ્તિત્વના વલોવણાની, જીવન, સંસાર અને જગતને જોવાની દૃષ્ટિમાંથી પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિ જેટલી સાફ અને તટસ્થ તેટલી સત્યપ્રાપ્તિ જલ્દી થાય એમ હું માનું છું.

□

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૩



Scanned by CamScanner

# મંત્રદ્રષ્ટા શાસ્ત્રીજી

ગાયત્રી મહામંત્રના પર્યાય સમા પરમ શક્તિ મંત્રના પ્રદાનથી પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીએ સમસ્ત આધ્યાત્મિક વિશ્વમાં એક ભગીરથ અને વિરલ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સાક્ષાત્કારની ઘટનાથી પણ વિશેષ નોંધપાત્ર અને પ્રશંસનીય આ ઘટના છે તેથી મારી દૃષ્ટિએ શાસ્ત્રીજી 'મંત્રદ્રષ્ટા શાસ્ત્રીજી' તરીકે ઓળખાવા જોઈએ. તેમણે સમસ્ત વિશ્વની એક બહુ મોટી આધ્યાત્મિક સેવા કરી છે. કારણ આ મંત્ર સમસ્ત માટે છે. આથી સમસ્ત વિશ્વ તેમનું ઋણી બને છે.

પરમ શક્તિ મંત્રપ્રાપ્તિની આખી યે ઘટનામાંથી પૂ. શાસ્ત્રીજીનું માતાજી સાથેનું – પરમ તત્ત્વ સાથેનું અનુસન્ધાન કેટલું ગાઢ અને અવિરત છે તે સમજાય છે. જેમ કોઈ સંસ્થાના માલિક સાથે વ્યવસ્થાપક સંસ્થાના હિતની ચર્ચા-વિચારણા કરતો રહે તેમ માતાજીએ સોંપેલા લોક કલ્યાણના કાર્ય અંગે માતાજી તો તેમને સતત માર્ગદર્શન આપતાં જ રહે છે, પરંતુ વખતોવખત તેઓ પોતે પણ માતાજી સાથે ચર્ચા-વિચારણા કરતા માલૂમ પડે છે. પોતાની સમક્ષ રજૂ થતી લોક સમસ્યાઓના નિવારણ માટે સામાન્ય જનસમાજને રુચે અને તેનું આચરણ સરળતાથી કરી શકે તેવું માર્ગદર્શન આપવા આર્દ્ર હૃદયે વિનવે છે, જેમાંથી આ મંત્રની પ્રાપ્તિ થઈ.

પરમ શકિત મંત્રપ્રાપ્તિની આધ્યાત્મિક ઘટના વર્ણવતાં તેમણે માતાજીને જણાવ્યું હતું :

"આપણે એક નાનો અને સરળ મંત્ર વહેતો મૂકવો છે, જે સર્વ સ્વીકાર્ય હોય અને સમસ્ત વિશ્વમાં તેનું આધિપત્ય હોય."

---

"પરમ શક્તિ મંત્રના પ્રદાનથી શાસ્ત્રીજી 'મંત્રદ્રષ્ટા શાસ્ત્રીજી' તરીકે ઓળખાવા જોઈએ. તેમણે સમસ્ત વિશ્વની એક બહુ મોટી સેવા કરી છે. આ મંત્ર સમસ્ત વિશ્વ માટે છે. આથી સમસ્ત વિશ્વ તેમનું ઋણી છે."

---

અહીં 'આપણે' શબ્દ શાસ્ત્રીજીનું પરમ તત્ત્વ સાથેનું અનુસન્ધાન અને અદ્વૈતનો અણસાર આપ્યા વિના રહેતો નથી.

તેમના જણાવવા પ્રમાણે પરમ શક્તિ મંત્ર નાનો અને સરળ છે એ વાત સાચી છે, પણ મને તો લાગે છે કે, તેમણે પરમ શક્તિ મંત્ર દ્વારા ઉપાસકોને સરળતાનો સબક શીખવાડીને આધ્યાત્મિકતાનાં થોડાં પગથિયાં ઉપર ચડાવ્યાં છે.

જેમ માતા ચાલતા થયેલા બાળકને આંગળી પકડીને અથવા સામે ઊભી રહીને, તે પડી ન જાય તેનું ધ્યાન રાખીને, દોડતાં શીખવે અથવા તો બાળકને ખવડાવવા વાડકી અને ચમચી લઈને બાળક સામે બેઠેલી માતા ખાવાની આનાકાની કરતા બાળકને 'બસ, આટલું જ છે, હવે જરાક જ છે' એમ કહી-સમજાવીને બાળકને આપવાનો ખોરાક ખવડાવી દે તેમ કદાચ શાસ્ત્રીજીએ પોતાના વહાલાં ઉપાસક ભાઈ-બહેનો માટે નાના અને સરળ મંત્રના ઓઠા હેઠળ આધ્યાત્મિક ઘૂંટની માત્રા અલબત્ત વધારી છે અને ઉપાસનાના ઊંડાણમાં ઊતારવાનો, આગળ વધારવાનો એક સંનિષ્ઠ અને સફળ પ્રયાસ કર્યો છે એમ મારું માનવું છે.



Scanned by CamScanner

કારણ કે સૌએ આ મંત્ર વધાવી લીધો છે. અશિક્ષિત કે અલ્પ શિક્ષિત, જ્ઞાની કે અજ્ઞાની, અનુભવી કે બિન અનુભવી સૌને માટે સ્વીકાર્ય બની રહે છે એટલું જ નહિ, પરમ શક્તિ મંત્રના જપને સરળતાથી આચરણમાં પણ મૂકી શકાશે. કારણ આ મંત્ર માળા વગર થઈ શકે છે. કોઈ જ વિધિવિધાન નથી. ચોવીસ કલાકમાં ગમે ત્યારે થઈ શકે છે. મંત્રનો ઉચ્ચાર પણ સરળ ને સહજ છે તેથી નિરક્ષરમાં નિરક્ષર વ્યક્તિ પણ તે કરી શકશે.

વળી પૂ. શાસ્ત્રીજીના જણાવવા પ્રમાણે આ મંત્ર ગાયત્રી મંત્રના પર્યાય સમો છે. ગાયત્રી મંત્ર જેટલી જ શક્તિ આ મંત્રની પણ છે.

મેં અગાઉ ઉપાસનામાં આગળ વધારવાની જે વાત કરી તે કઈ રીતે ?

એ અંગે હું સૌ પ્રથમ એમ કહીશ કે શાસ્ત્રીજીએ પરમ શક્તિ મંત્રના પ્રદાનથી ઉપાસકોને સગુણ સાકાર બ્રહ્મની ઉપાસનામાંથી નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના તરફ વાળ્યા છે. સાકારની ઉપાસના કરવી સહજ છે. નિર્ગુણ–નિરાકાર બ્રહ્મની ઉપાસના કરવી કઠણ છે, જે સમજી શકાય તેવી બાબત છે.

શાસ્ત્રીજીએ લગભગ ઈ. સ. ૧૯૭૫–૭૬થી ઈ. સ. ૧૯૯૨ સુધી એટલે કે લગભગ સોળ–સત્તર વર્ષ સુધી શિષ્ય-જન–સમુદાયના માનસમાં પરબ્રહ્મનું માતૃસ્વરૂપ અંકિત કરી આપ્યું. પરમ તત્ત્વની કૃપાની, પ્રેમની, આશીર્વાદની અનેકવિધ ભૌતિક–આધ્યાત્મિક અનુભૂતિઓ કરાવીને ઉપાસનાની આધારશિલાને જનમાનસમાં જડી આપીને એના પર શિષ્ય–જન–સમુદાયના આધ્યાત્મિક ઉત્કર્ષની ઈમારતને ચણવાનો પ્રયાસ કર્યો છે. શિષ્ય–જન–સમુદાયના એ આધ્યાત્મિક ઉત્કર્ષની ઈમારતમાં પરમ શક્તિ મંત્રની ઈંટો મૂકી રહ્યા છે. પરમતત્ત્વની ઉપાસનામાં માતૃરૂપનો સ્વીકાર કરાવીને હવે પરમ શક્તિ મંત્ર દ્વારા જે કેવળ એક અગોચર, અમૂર્ત, અલૌકિક, દિવ્ય ને ભવ્ય તત્ત્વ છે, શક્તિ છે, તેને પામવાના આધ્યાત્મિક પુરુષાર્થમાં સૌને પ્રવૃત્ત કર્યા છે.

---

**શાસ્ત્રીજીએ પરમ શક્તિ મંત્રના પ્રદાનથી ઉપાસકોને સગુણ–સાકાર બ્રહ્મની ઉપાસનામાંથી નિર્ગુણ–નિરાકાર બ્રહ્મની ઉપાસના તરફ વાળ્યા છે.**

---

તેમના જણાવવા પ્રમાણે પરમ શક્તિ મંત્ર "ૐ મા ૐ"માં 'મા' એ પરમ તત્ત્વની શક્તિનું પ્રતીક છે. કોઈપણ શક્તિ મા સ્વરૂપે પ્રગટે છે. મા એ કેવળ શક્તિ છે. શક્તિ માત્ર છે. બંને ૐ એ પ્રણવ મંત્ર છે, જેના ઉચ્ચારથી પરમ તત્ત્વની શક્તિ જાગ્રત થાય છે, સંચાર પામે છે, ઝંકૃત થાય છે. ૐ એ અ, ઉ, મ અક્ષરોનો બનેલો છે, જેની સંધિ થતાં ૐ બને છે.

શ્રીમદ્ ભગવદ્–ગીતાના દશમા અધ્યાયમાં વિભૂતિઓનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે :

અક્ષરાણામકારોઽસ્મિ !

અક્ષરોમાં 'અ'કાર હું છું.

આથી ૐ એ પરબ્રહ્મનો વાચક છે, જેના ઉચ્ચારથી પરબ્રહ્મ સ્વયં સંચારિત થાય છે, પ્રગટ થાય છે. પરબ્રહ્મના આ સંચાર સાથે કોઈ એક અગોચર, અદૃષ્ટ સ્વરૂપ કરતાં તત્ત્વની–શક્તિની જ વિશેષ અનુભૂતિ થાય છે, જેને કોઈ રૂપ નથી કે ગુણ નથી.

પરમ શક્તિ મંત્રોચ્ચાર દ્વારા માનસમાં કોઈ રૂપ પ્રગટ થતું નથી પણ કોઈ અગોચર તત્ત્વ જ નિષ્પન્ન થતું અનુભવાય છે, જે અસ્તિત્વમાં જડાયેલાં કોઈક જાળાંઓને, કોઈક અંધકારને, કોઈક



Scanned by CamScanner

દુર્ગંધતાને, કોઈક ક્લિષ્ટતાને, કોઈક જડતાઓને છેદી-ભેદી રહ્યું હોય તેમ જણાય છે. ઉપાસકો માટે આ બાબત ઘણી ઉપકારક નીવડી શકે અને તેથી જ ઉપાસનામાં આગળ વધારવાનો-ઊંડા ઊતરવાનો શાસ્ત્રીજીનો આ સંનિષ્ઠ પ્રયાસ લેખું છું. સમાજ તેમનો ઋણી છે અને રહેશે.

પણ સાથે એ પણ નોંધી લઈએ કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના પછી સાક્ષાત્કાર વેળાએ કે દર્શન પ્રાપ્ત થતાં વ્યક્તિ પોતાના જે ઇષ્ટની ઉપાસના કરે છે તે ઇષ્ટ આકાર રૂપે પ્રગટ થાય છે. નિર્ગુણ-નિરાકાર ઉપાસનાના ફળરૂપે પરમ તત્ત્વને રૂપ ધારણ કરીને ઉપાસક માટે આવવાની ફરજ પડે છે.

પરમ શક્તિ મંત્રમાં ગહનતા ઘણી છે. એમાં અનેકવિધ આધ્યાત્મિક-આત્મિક શક્તિઓનું ત્વરિત અનુસન્ધાન થઈ શકે એમ છે. પ્રત્યેક ઉપાસકને તેની કક્ષા અનુસાર ભૌતિકતાથી ઉપર ઉઠાવી નવાં આધ્યાત્મિક સ્તર પર મૂકવાનું બીડું તેમણે આ મંત્ર દ્વારા ઝડપ્યું છે. અત્યાર સુધી ઉપાસકોની સમસ્યાઓનું નિરાકરણ કરી પરમ તત્ત્વના અસ્તિત્વની, ઉપાસનાની, શ્રદ્ધાની, શરણાગતિની અનુભૂતિઓ કરાવી આધ્યાત્મિકતાનો એકડો ઘુંટાવી દીધો, કક્કો શીખવાડી દીધો અને હવે નિજી આત્મિક શક્તિના અવલંબન દ્વારા ઉપાસકોને આંગળી પકડી કેવળ આધ્યાત્મિક રીતે આગળ વધારવાની નેમ ધરાવે છે. ઉપાસકો માટે, શિષ્ય-જન સમુદાય માટે એક નવો જ પાઠ રજૂ કર્યો છે. ગુરુદેવે એક માતાની હેસિયતથી ટૂંકા, નાના અને સરળ મંત્ર હોવાનું સમજાવી, પટાવી, લલચાવી, થાબડીને ઉપાસકોને આધ્યાત્મિક સરિતાનાં થોડાંક ઊંડાં જળમાં તરતાં મૂકી દીધાં છે. આ ઊંડાં જળમાં ડૂબકી મારીને શું મેળવી શકીશું તે તો આપણને અનુભવે જ સમજાશે, પણ ગુરુદેવે સરળ મંત્રના બહાને ઉપાસકોને ચોક્કસ ભૌતિકતાથી કંઈક ઊંચે, થોડેક ઊંચે-ઘણે ઊંચે જવાનો અનુરોધ કર્યો છે, આદેશ આપ્યો છે, આત્મિક શક્તિના આવિષ્કાર માટે એક નવી જ ક્ષિતિજ ચીંધી છે એમ હું માનું છું.

---

**પરમ શક્તિ મંત્ર દ્વારા શાસ્ત્રીજીએ સમસ્ત વિશ્વના સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક ઉત્થાન માટે નવી ક્ષિતિજનું દર્શન કરાવ્યું છે.**

---

આથી પણ મંત્રમાં રહેલી સાચી આધ્યાત્મિક વિશદતા-ગહનતાનો પરિચય તો પૂ. શ્રી જ આપી શકે, પણ આવી કંઈક તેમની પ્રેરણા થતાં તે અત્રે રજૂ કરી છે.

પરમ શક્તિ મંત્રના ઉચ્ચારથી લયની ત્વરિત ગતિ પ્રાપ્ત થાય છે, એકાગ્રતા આવે છે, આનન્દ મળે છે, પરમ તત્ત્વના સાયુજ્યની સહજ અનુભૂતિ થાય છે અને સમસ્ત અસ્તિત્વને આંતર-બાહ્ય વાતાવરણ, પળોજણ, પ્રવૃત્તિ, વૃત્તિઓમાંથી અળગું બનાવી, અન્તર્મુખ બનાવી પરમ તત્ત્વમાં એકાકાર બનાવી દે છે. સમસ્ત અસ્તિત્વ એક પ્રકારના આનંદ! પર્યવસાયી લયમાં ઓગળી જવા આતુર થઈ ઊઠે છે.

મંત્રમાંના 'મા' શબ્દમાં શ્રદ્ધા, શરણાગતિ, શિશુ ભાવ અને સધિયારાની લાગણીનો પ્રાદુર્ભાવ થાય છે અને વ્યક્તિને ઉપાસનામાં પ્રવૃત્ત બનાવી શકે છે. અહીંથી ઉપાસનાનો આરંભ થાય છે, પણ આ મંત્રમાં આરંભની સાથે જ ઉપાસકની આધ્યાત્મિક ગતિ પણ કંઈક આગળ વધે છે. મંત્રમાંના બંને ૐ નો ઉચ્ચાર અસ્તિત્વના કોઈક અગાધ ઊંડાણમાંથી ઉદ્ભવતો હોય તેમ લાગે છે અને અસ્તિત્વને અલૌકિક અનુભૂતિ ને વાતાવરણનો અનુભવ કરાવે છે અથવા એમ કહી શકાય કે મૂલાધારથી બ્રહ્મરંધ્રની

અતિને આ મંત્ર ઉપાસકના પુરુષાર્થ, કર્મ અને ક્ષમતા અનુસાર સહજ અને સરળ બનાવી શકશે. ૐ ના ઉચ્ચાર દ્વારા જાણે અંદર કશુંક આલોકિત થઈ ઊઠતું હોય તેમ જણાય છે.

ઉપરાંત બંને ૐ નો સતત ઉચ્ચાર કરતાં તો અસ્તિત્વના ઊંડાણુમાંથી–નાભિમાંથી એક નાદ, એક લય પ્રગટ થાય છે. આ નાદ અને લય એક શક્તિનો સંચાર કરે છે. ૐ ના ઉચ્ચારની સાથે જ નિર્ગુણ–નિરાકાર તત્ત્વની–શક્તિની નિષ્પત્તિ–અનુભૂતિ થાય છે, જેનાથી પરમ તત્ત્વ આત્મસાત્ કરી શકાય છે એમ મારું માનવું છે.

આ મંત્રના અવલંબન દ્વારા અસ્તિત્વ ભૌતિકતા કરતાં, સાંસારિકતા કરતાં, આધ્યાત્મિકતાની–પરમ તત્ત્વની પ્રાપ્તિમાં વિશેષ દિલચસ્પી ધરાવી શકે છે. પરમ તત્ત્વના અનંત ક્ષેત્રના ખેડાણની અભિલાષા અસ્તિત્વમાંથી ઊઠતી હોય તેમ જણાય છે.

---

**આ શાબ્દિક સત્કાર–સ્વીકારમાં પૂ. શ્રીનો સમસ્ત વિશ્વનો શિષ્ય સમુદાય પણ જોડાશે એવી આશા રાખું છું.**

---

સ્વ અને સમસ્તના આધ્યાત્મિક અને આત્મિક વિકાસ માટે આ મંત્ર વિશેષ ઉપકારક નીવડી શકશે એમ લાગે છે. શાસ્ત્રીજીએ પરમ શક્તિ મંત્ર દ્વારા સમસ્ત વિશ્વના સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક ઉત્થાનની નવી ક્ષિતિજનું દર્શન કરાવ્યું છે.

વૈશ્વિક ઉત્થાનની નવી દિશાનો ઉઘાડ કરતા પરમ શક્તિ મંત્રના પ્રદાનથી પૂ શ્રી શાસ્ત્રીજી આપણા સૌના વિશેષ આદર સત્કારના અધિકારી બન્યા છે. આપણે સૌએ તેમનો અંતઃકરણપૂર્વક સત્કાર કરવો જોઈએ. તેમના પ્રદાનનો સ્વીકાર કરવો જોઈએ. સ્વીકાર અને સત્કારના ઉદ્દેશથી જ મેં અત્રે મારા વિચારો રજૂ કર્યા છે. મારા આ વિચાર વ્યક્તિગત તો છે જ, પણ પૂ. શાસ્ત્રીજીના સમસ્ત વિશ્વના શિષ્ય સમુદાયની લાગણી ને ભાવનાની પણ આ વાચા બની રહેશે ને મારા આ શાબ્દિક સ્વીકાર–સત્કારમાં સૌનો સૂર પણ ભળશે જ એમ માનું છું.

— એક વાચક

☐

---


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

## શ્રી અંબિકા સોપ ફેક્ટરી અને ટી ડેપો

## શ્રી અંબિકા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ

## ● શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર ●

( રીટેઈલ વિભાગ )

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

ટેલિફોન નંબર : ૨૩૯૪૮, ૩૮૬૪૧

" ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક "


---




Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...

"જિંદગીનાં વીતેલાં વર્ષોનું આમ સરવૈયું કાઢી બાકીનાં વર્ષોને વધુ ને વધુ પરમ તત્ત્વની ઉપાસાનમાં ઉદ્યુક્ત કરવાં એ આત્મજાગૃતિની નિશાની છે, પરંતુ જિંદગીનાં વીતેલાં ઉપાસનાવિહીન વર્ષોનું સાટું આ રીતે વાળી શકાતું નથી. જે સમય ઉપાસના વિનાનો ગયો તે તો ગયો જ. જેમ રોજનો ખોરાક રોજ જ ખાવો પડે છે તેવું જ ઉપાસનાનું છે. ઉપાસનામાં નિત્ય-નિયમિતતા આવશ્યક અને અનિવાર્ય પણ છે. જિંદગીનાં વીતેલાં વર્ષોની ઉપાસનાની ગણતરી કરીને તે પૂર્ણ કરવાથી ઉપાસનાનું દેવું ચૂકવી શકાતું નથી..."

મુંબઈના શ્રી ગિરધરભાઈની રજૂઆત સાંભળી પૂ. શ્રી શાસ્ત્રીજીએ પોતાનું મન્તવ્ય વ્યક્ત કરતાં જણાવ્યું.

એક દિવસ પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં શ્રી ગિરધરભાઈએ પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતાં જે હકીકતો જણાવી તે સૌમાં આત્મજાગૃતિ પ્રેરનારી નીવડે તેવી તો હતી જ; પણ માનવીની લૌકિક બુદ્ધિએ માંડેલું ગણિત આધ્યાત્મિક ક્ષેત્રે ઉપકારક નીવડતું નથી એવી પૂ. શ્રીના મન્તવ્યમાંથી પ્રગટતી સ્પષ્ટતા પણ ઉપાસકની આત્મજાગૃતિને વિશેષ તીવ્ર બનાવે તેવી હતી.





Scanned by CamScanner

શ્રી ગિરધરભાઈએ પોતાના દૃષ્ટિબિંદુને સવિસ્તર સમજાવતાં કહ્યું હતું :

૧૯૭૮ માં 'સંદેશ'માં પૂ. ગુરુદેવના લેખો તથા પુસ્તકો વાંચીને, ગાયત્રી મહામંત્રનો પ્રભાવ અને તેનું માહાત્મ્ય વાંચીને હું બહુ પ્રભાવિત થયો હતો. તેઓ તે વખતે મુંબઈમાં ચોપાટી પર આવેલી મંગાદાસની વાડીમાં મુલાકાત આપતા હતા ત્યારે હું તેમનાં દર્શન કરવા ગયો હતો. ગુરુદેવનું તેજસ્વી સ્વરૂપ જોઈ મને ખૂબ આનંદ થયો. પૂ. ગુરુદેવે મને આશીર્વાદ આપી તે વખતે ગાયત્રી મહામંત્રની ત્રણ માળા કરવા કહ્યું હતું. તે પ્રમાણે મેં મારા નિત્ય નિયમમાં ત્રણ માળા વણી લીધી હતી. ઘણા દિવસો સુધી આ પ્રમાણે ચાલ્યું. તે વખતે મારી ઉંમર પર વર્ષની હતી.

મારા મનમાં તે વખતે મને સતત પસ્તાવો થતો હતો, મારું મન મને સતત ડંખતું હતું કે આ મહાન ગાયત્રી મંત્ર માટે આટલા અજ્ઞાન રહ્યા. મારા જીવનનો આટલો બધો સમય નકામો વેડફાઈ ગયો. મારામાં ને પશુમાં કોઈ ફરક નથી. આમ મને ખૂબ પસ્તાવો થતો.

ગુરુદેવે દરરોજ ત્રણ માળા કરવા કહી છે તે મુજબ એક વર્ષમાં લગભગ એક લાખ આઠ હજાર મંત્રજપ થાય છે. મેં મારી સાત વર્ષની ઉંમરે ત્રણ માળાના જપ ચાલુ કર્યા હોત તો આજે આ પર વર્ષની ઉંમર સુધીમાં લગભગ ૫૦ લાખ ગાયત્રી મંત્રજપ થાત. સમય તો વીતી ગયો. આયુષ્યની પોણા ભાગ જેટલી ઉંમર તો થઈ ગઈ. હવે શું કરવું? આ ૫૦ લાખ ગાયત્રી મંત્રજપની જે ખોટ પડી છે તે પૂરી કરવી એમ મેં મનોમન વિચાર્યું". ત્રણ માળાની જગાએ ૫, ૭ માળા વધારીને કરું તો પણ તે પૂરા થઈ શકે તેમ નથી.

---

"આયુષ્યની પોણા ભાગ જેટલી ઉંમર તો થઈ ગઈ. હવે શું કરવું? આ ૫૦ લાખ ગાયત્રી મંત્રજપની જે ખોટ પડી છે તે પૂરી કરવી એમ મેં મનોમન વિચાર્યું"."

---

એક દિવસ મનમાં વિચાર આવ્યો કે, વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. દરેક નવરાત્રીમાં માળા વધારવાની ને તે ક્રમ રોજના કાર્યક્રમમાં વણી લેવાનો તોપણ એ સંઘ ક્યારે કાશીએ પહોંચશે ? દરેક નવરાત્રીમાં ૩ થી ૫, ૭, ૧૧ પછી ૨૧, ૨૫ પછી ૩૧, પછી ૪૧, પછી ૫૧, પછી ૬૧ અને ૬૫ માળા રોજ ચાલુ રાખવી એમ મનોમન વિચાર્યું અને છેલ્લાં ચારેક વર્ષથી નિયમિત ૬૫ માળા કરું છું. આજે મને એનો સંતોષ છે.

પહેલાં હું ૭ વાગ્યે ઊઠતો હતો પણ જેમ જેમ માળાનો ક્રમ વધારતો ગયો તેમ તેમ ઊઠવાનો સમય પણ વહેલો ને વહેલો થતો ગયો.

દરરોજ ગાયત્રી મંત્રજપની સાથે પૂ. ગુરુદેવ અને માતાજીની માનસિક પૂજા પણ કરું છું. અને નૈવેદ્ય પણ ધરાવું છું.

મીરાંનું એક પદ છે : "રામ નામ કી લૂંટ હૈ, લૂંટ સકે તો લૂંટ."

આ રીતે પરમાત્માની, જગત-જનની વેદમાતા ગાયત્રીના પરમ પવિત્ર નામસ્મરણની જેટલી બને તેટલી વધારે લૂંટ ચલાવવાનો મારો આ એક નમ્ર પ્રયાસ છે. ગુરુદેવ અને માતાજી એનો સ્વીકાર કરશે એવી આશા છે."

ગિરધરભાઈની વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. ઘણાએ તેમની આ વાતમાં સૂર પુરાવ્યો. આ પ્રમાણે વધુ ને વધુ જપ કરવાની અભિલાષા પણ સૌના મુખ પર તરી આવી...

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૩



Scanned by CamScanner

કેપારનાથ અગોચરમાં એકલીન બનીને શ્રી ગિરધરભાઈની વાત સાંભળી રહેલા પૂ. ગુરુદેવે માનસિક પૂજા અંગે પોતાનો પ્રતિભાવ દર્શાવતાં જણાવ્યું :

"ગિરધરભાઈ, ઘણા ઉપાસકો આ પ્રમાણે માનસપૂજા કરે છે. પરંતુ મને એની આવશ્યકતા કે અનિવાર્યતા જણાતી નથી. માનસોપચારમાં મનને આટલું કષ્ટ આપવું મને યોગ્ય નથી લાગતું. એમાં તમારો પ્રેમ અને ભાવના જરૂર છે. પણ માનસોપચારમાં આટલો સમય વ્યતીત કરવા કરતાં એટલા સમયમાં એટલા વધારે જપ થાય તો તે વધુ ઉપકારક લેખાશે. તમારા સૌનો જે આધ્યાત્મિક અવકાશ પસાર થઈ ગયો તેનો તમે વિચાર ન કરો. આવનારા સમયના વિશાળ ફલકને આધ્યાત્મિકતાથી, ઉપાસનાથી કઈ રીતે શણગારી શકાય તેને જ નજરમાં રાખશો તો અવશ્ય આધ્યાત્મિક પ્રગતિ સાધી શકાશે એમ મારું માનવું છે.

તેમ છતાં ઉપાસના વિનાનાં વહી ગયેલાં વર્ષોને ધ્યાનમાં લઈને વધુ ને વધુ જપ કરવાનો જે નિર્ધાર કર્યો છે તે આવકારપાત્ર જરૂર છે. તમને આવી પ્રેરણા થઈ એ તમારાં પ્રારબ્ધ કર્મોનું જ પરિણામ હશે. તમારો આ પુરુષાર્થ અને ઉત્કંઠા સમય આવ્યે તમને જરૂર માતાજીની સમીપ પહોંચાડશે. તમે તમારો પુરુષાર્થ ચાલુ જ રાખજો. મારા તમને આશીર્વાદ છે."

---

"માતાજી મારો ઉપયોગ સાઈકલ તરીકે કરે છે. તેમને જ્યાં જવું હોય ત્યાં તેઓ મારા પર આરૂઢ થઈને પહોંચી જાય છે. તેમને જ્યારે આરૂઢ થવું હોય ત્યારે આરૂઢ થાય છે, જ્યારે ઊતરવું હોય ત્યારે ઊતરી જાય છે."

*

"તમારે ક્યારે મરી જવું છે તે મને કહેશો ?" મારાથી આકસ્મિકપણે જ પુછાઈ ગયું.

---

ત્યાર બાદ તો પૂ. શ્રી સાથે ઘણી ચર્ચાઓ થઈ, વિચારોની આપ લે થઈ. જેમાંથી નાની નાની ઘણી બાબતો પરત્વે પ્રકાશ પ્રાપ્ત થતો હતો. ઉપસ્થિતો સાથે સર્જાયેલા આત્મીયતાભર્યા વર્તાવમાં પૂ. શ્રીનો અગોચર સાથેનો અનુસન્ધાનકારી મિજાજ સ્પષ્ટપણે વર્તાતો હતો. પ્રસન્નતાથી હિંચકાને આછો આછો ઝુલાવતાં એક સામાન્ય જનની જેમ ઉપસ્થિતો સાથે ગોઠડી માંડી હતી. કોઈ બાળક પોતાની મા સાથે મસ્તીએ ચઢ્યું હોય ત્યારે તેનામાંથી જે પ્રસન્નતા, જે કિલ્લોલ, જે મસ્તી પ્રગટે એવી પ્રસન્નતા, કિલ્લોલ ને મસ્તી પૂ. શ્રીના મુખ પર વિલસી રહેલા પ્રસન્ન, મધુર, હળવા સ્મિત-હાસ્યમાંથી પ્રગટી રહ્યાં હતાં અને સમગ્ર વાતાવરણ અને ઉપસ્થિત સૌનાં હૈયાંને તરબતર કરી દેતાં હતાં.

તેમણે વાત વાતમાં કહ્યું :

"માતાજી મારો ઉપયોગ સાઈકલ તરીકે કરે છે. તેમને જ્યાં જવું હોય ત્યાં તેઓ મારા પર આરૂઢ થઈને પહોંચી જાય છે. તેમને જ્યારે આરૂઢ થવું હોય ત્યારે આરૂઢ થાય છે, જ્યારે ઊતરવું હોય ત્યારે ઊતરી જાય છે. સાઈકલને જેમ પછાડવી હોય તેમ પછાડી શકાય છે, ઊંચે ચડાવવી હોય તો ચડાવી શકાય છે. સાંકડી ગલી-કૂંચીઓમાંથી પણ પસાર થઈ શકે છે."

સાઈકલ જેવા વાહન સાથે પોતાની કરેલી સરખામણીમાં સામાન્ય જન સમુદાય માટેનો પ્રેમ ને અભિગમ જ વ્યક્ત થાય છે ને !

* * *



Scanned by CamScanner

તેમણે એક પ્રસંગ વર્ણવતાં જણાવ્યું :

“લન્ડનમાં એક દિવસ મારી મુલાકાત ચાલી રહી હતી ત્યાં ૨૦–૨૨ વર્ષની એક યુવતી તેનો વારો આવતાં મારા ખંડમાં પ્રવેશી. તેણે સામેની ખુરશીમાં બેઠક લીધી એટલે મેં તેને પૂછ્યું :

‘બોલો બહેન, શું કામ છે?’

‘મારે મરી જવું છે. આપ આશીર્વાદ આપો.’ બહેને કહ્યું.

‘તમારે ક્યારે મરી જવું છે તે મને કહેશો? આજે, કાલે, હમણાં, પછી, પાંચ મિનિટ, દસ મિનિટ કે કલાક, બે કલાક પછી. ક્યારે મરી જવું છે?’

મારાથી આકસ્મિકપણે જ પુછાઈ ગયું.

મારા આવા પ્રશ્નથી બહેન તરત જ ઝંખવાઈ ગયાં ને તેમણે તરત જ કહ્યું :

‘ના, નથી મરી જવું.’

મારા આવા પ્રશ્નથી એ બહેનને ખાતરી થઈ ગઈ કે શાસ્ત્રીજી તો સાચે જ મને સમયમર્યાદા પૂછે છે ને હું કહીશ તો ચોક્કસ મરી જઈશ ને તેથી તેણે મરી જવાનો પોતાનો વિચાર બદલ્યો.

જીવનમાં સર્જાયેલી કોઈક વિષમતાથી અકળાઈને વ્યક્તિ જીવનનો અંત આણવા તત્પર બને છે. પણ આ માત્ર એક ક્ષણિક આવેગ છે. એને ખાળવો જરૂરી છે. એ ક્ષણ પસાર થઈ જવી જરૂરી છે...

□


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ....

**નીતિન ટી. ભરૂચા**

B. Com., LL.B.

: એજન્ટ :

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇંડિયા

અને

યુનિટ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા

●

- ઘરનું સરનામું -

૩/૨૯૩૯, ભરૂચા વાડી, સીધી શેરી નાકા, સલાબતપુરા, સુરત – ૩

ફોન : ઘરનો – ૬૨ ૫૮ ૪૬ * ઑફિસ – ૬૯ ૦૭ ૦૪ – ૬૯ ૦૭ ૦૫





Scanned by CamScanner

# સાચા ભક્તની શોભા

અનન્તભાઈ ઘણાં વર્ષોથી નિયમિત માતાજીની ઉપાસના કરે છે. તેમની શ્રદ્ધા અને શરણાગતિથી માતાજીએ તેમનાં અનેક નાનાં-મોટાં કાર્યો પાર પાડયાં છે.

એક વાર એવું બન્યું કે તેમનો પુત્ર નિલેશ પરીક્ષામાં નાપાસ થયો. આથી તેઓ ખૂબ નિરાશ થયા. તેમના મનમાં એક જ પ્રશ્ન ઘોળાવા લાગ્યો કે, માતાજીની કૃપા અને આશીર્વાદ છતાં નિલેશ નાપાસ કેમ થયો ? આ નિરાશામાં ને નિરાશામાં તેમણે માતાજી માટેની શ્રદ્ધા અને શરણાગતિ પણ ગુમાવી દીધી, એટલું જ નહિ, ઉપાસના પણ બંધ કરી દીધી !

આ વાતને ઘણો સમય વીતી ગયો.

એક દિવસ અચાનક મને ખ્યાલ આવ્યો કે તેઓ કંઈક નિરાશાના વમળમાં અટવાયા છે. મેં તેમના શ્રેય માટે માતાજીને પ્રાર્થના કરી.

એક દિવસ તેઓ મારી મુલાકાતે આવ્યા. તેમણે નિરાશ વદને ખંચકાતાં ખંચકાતાં તેમનો પુત્ર નિલેશ નાપાસ થયાની હકીકત જણાવી. તેમની સાથેની વાતચીત દરમ્યાન મને જાણવા મળ્યું કે તેમણે ઉપાસના પણ છોડી દીધી છે. પરંતુ આજે કોઈક અગોચર પ્રેરણાબળથી તેઓ મને મળવા પ્રેરાયા એમ તેમણે જણાવ્યું.

---

**"ભક્ત તરીકે સ્વીકાર કરતાં પહેલાં ઈશ્વર આપણી ચકાસણી કરે છે અથવા ભક્ત તરીકે સ્વીકાર કર્યા પછી આપણી પાત્રતાની ક્ષિતિજોને વિસ્તારવા તે પોતાની લીલા આદરે છે. આ લીલાનો તાગ જે ભક્ત પામી શકે છે તે સ્વાભાવિકપણે જ ઈશ્વરની સમીપ પહોંચી જાય છે અને પ્રભુહૃદયમાં સ્થાન પામે છે."**

---

મેં તેમની નિરાશાને સુપેરે વ્યક્ત થવા દીધી. તેમણે વ્યથિત હૃદયે મને પૂછ્યું :

"ગુરુદેવ, હું નિયમિત માતાજીની ઉપાસના કરતો હતો. અને તેનામાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હતો. હું તો તેના આધારે જ જીવું છું પણ નિલેશ નાપાસ થયો તેનો મને ખૂબ આઘાત લાગ્યો છે. સમાજમાં મારે નીચાજોણું થયું છે. આખા વર્ષની ફી, ચોપડાનો ખર્ચ..."

"અનન્તભાઈ, હું તમારી વ્યથા સમજી શકું છું. પણ મારી દૃષ્ટિએ નિલેશ અભ્યાસ તરફ ઘણો બેદરકાર રહ્યો છે. તેના કર્મે તેને સાથ ન આપ્યો. તે તેની બેદરકારીને કારણે નાપાસ થયો છે એમાં માતાજી શું કરે ?"

મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કરતાં જણાવ્યું.

"જુઓ ભાઈ, માતાજીના આશીર્વાદ અને કૃપા તો દરેકને એક સરખાં જ મળે છે. તેની શરણાગતિ સ્વીકારનાર દરેકને તેની સહાય અને શક્તિ મળે જ છે, પરંતુ કેવળ તેની સહાય અને શક્તિ પર આધાર રાખી વ્યક્તિ બે હાથ જોડી બેસી રહે અને પુરુષાર્થ કરવા તરફ દુર્લક્ષ સેવે તે ઉચિત નથી. વ્યક્તિનું કર્મ પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.



Scanned by CamScanner

આજ દિન સુધીમાં મા ગાયત્રીએ તમારાં કેટકેટલાં કાર્યો પાર પાડ્યાં છે તેને તમે યાદ કરો. માની એ અગણિત કૃપાને યાદ કરશો એટલે આ એક નિષ્ફળતાને ભૂલી શકશો અને નિરાશા ખંખેરાઈ જશે. એક પિતા તરીકે તમારું દુઃખ સમજી શકાય તેમ છે, પણ વ્યક્તિગત રીતે આ પરિસ્થિતિમાં તમારો કોઈ દોષ નથી. તમે તો ઘણાં વર્ષોથી માતાજીની શરણાગતિ સ્વીકારી છે અને તેના કૃપાપાત્ર બન્યા છો. હું હંમેશ સૌને કહેતો આવ્યો છું અને તમે પણ એ વાત યાદ રાખો કે, જીવનની ભૌતિક સફળતા–નિષ્ફળતાને ઈશ્વરોપાસના સાથે કોઈ સંબંધ નથી. વ્યક્તિએ કરેલું કર્મ તો ભોગવવું જ પડે છે. તમને તો કદાચ ખબર નહિ હોય પણ મારે તો ડૉક્ટર થવું હતું. હું પણ બાળપણથી જ માતાજીની ઉપાસના કરું છું, પણ માતાજીએ મારી એ આશા પૂરી ન કરી. પણ તેથી કંઈ મારાથી માતાજીને દોષિત તો ન જ ઠેરવાય ને! માની ઈચ્છા કંઈક જુદી જ, તે મને તેણે સેવાનું આ કાર્ય સોંપ્યું. મને મારા માનવબન્ધુઓની સેવા કરવામાં ખૂબ આનન્દ આવે છે...."

અનન્તભાઈના મુખ પર આનન્દની રેખાઓ તરવરી આવી.

તેમ છતાં તેમના અંતરમાં ઊંડે ઊંડે ઘરબાઈને પડેલી અને નિરાશાના થર નીચે દબાઈ ગયેલી શ્રદ્ધાને પુનઃ પ્રજ્વલિત કરવા અને ઉપાસનામાં પુનઃ પ્રવૃત્ત કરવા મેં તેમને કહ્યું :

---

"ઈશ્વરના કૃપાપાત્ર બન્યા પછી પણ વ્યક્તિનાં કર્મ અને પુરુષાર્થ તો તેની સાથે જ રહે છે."

---

"આપણે પરમ તત્ત્વના અસ્તિત્વનો સ્વીકાર કરી તેની શરણાગતિ સ્વીકારીએ છીએ ત્યારે ઈશ્વર આપણને તેના ભક્ત તરીકે સ્વીકાર કરતાં પહેલાં આપણી ચકાસણી કરે છે અથવા આપણો ભક્ત તરીકે સ્વીકાર કર્યા પછી આપણી પાત્રતાની ક્ષિતિજોને વિસ્તારવા તે પોતાની લીલા આદરે છે. આ લીલાનો તાગ જે ભક્ત પામી શકે છે તે ખૂબ સ્વાભાવિકપણે જ ઈશ્વરની સમીપ ત્વરાથી પહોંચી જાય છે અને પ્રભુહૃદયમાં સ્થાન પામે છે. મારી દૃષ્ટિએ તો આપણને પ્રસંગોપાત પ્રાપ્ત થતી નિષ્ફળતાઓ–પ્રતિકૂળતાઓ તો સ્વયં પરમાત્માએ જ સર્જેલા અવરોધો છે અને એ અવરોધોને પાર કરવાનું ઘણું દુષ્કર છે. આ અવરોધો પાર કરતાં કરતાં કે પાર કરતાં પહેલાં જ ઘણી વાર વ્યક્તિ પાણીનાં મોજાંઓની જેમ વિખેરાઈ જાય છે...

તમારો દીકરો નાપાસ થયો એ તેની ઊણપ છે. તેના કર્મનું એ પરિણામ છે, પણ એથી તમારે આટલા બધા નિરાશ થવાની જરૂર નથી, આ પળો તમારી કસોટીની નહિ હોય તેની શી ખાતરી? અને શક્ય છે કે ભવિષ્યમાં કદાચ નિલેશને આમાંથી ઘણી મોટી સફળતા પણ મળે. નિલેશની આ નિષ્ફળતામાં પણ માતાજીનો શુભ સંકેત છુપાયેલો હશે એ બનવાજોગ છે. માટે અનન્તભાઈ, તમે નિરાશામાંથી બહાર આવી જાવ. પહેલાંની જેમ જ ઉપાસના શરૂ કરી દો. કંઈક સારું થશે જ. માતાજી જ માર્ગ કાઢશે, મારા આશીર્વાદ છે..."

તેમના હૃદયની વિદાય લઈ રહેલી નિરાશાને છેલ્લી સલામ કરવા અને જીવનની ભાવિ સંભવિત અને શક્ય નિષ્ફળતાઓ સામે ટક્કર ઝીલવાની ગુરુચાવી દર્શાવતાં મેં તેમને જણાવ્યું :

"ઈશ્વરની શરણાગતિનો સ્વીકાર કર્યા પછી પરિણામનો વિચાર કરવો જરૂરી નથી. ફળ પ્રાપ્તિ એ મનુષ્યના હાથની વાત નથી. વળી આપણે એક વાત પ્રત્યે ખૂબ સભાન રહેવું જરૂરી છે કે, જીવનમાં જે કોઈ સારી–માઠી, નાની–મોટી, સુખદ–દુઃખદ ઘટનાઓ બને છે તે માટે કદાચ હું પોતે પણ જવાબ-

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૩

કાર હોઈશ. કદાચ એ મારા હિતમાં જ હશે. એમાં કોઈક સંકેત અવશ્ય રહેલો જ હશે. આવી સભાનતાથી જીવનમાં ઉદ્‌ભવતી અનેકવિધ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સમાધાન સાધી શકાશે અને આપણી આધ્યાત્મિક ગતિમાં આવતા અવરોધો સરળતાથી પાર કરી શકાશે એમ હું સ્પષ્ટપણે માનું છું.

ઈશ્વરના કૃપાપાત્ર બન્યા પછી પણ વ્યક્તિનાં કર્મ અને પુરુષાર્થ તો તેની સાથે જ રહે છે એ વાત દરેકે ખાસ પોતાના સ્મરણમાં રાખવી જરૂરી છે.

જીવનની નાની નાની નિષ્ફળતાઓથી નિરાશ થઈને ઈશ્વરવિમુખ થઈ જવું સાચા ઉપાસક માટે–સાચા ભક્ત માટે શોભાસ્પદ નથી. આપણી નિષ્ફળતાઓ જ આપણી કસોટીઓ છે. એમાંથી જ પ્રગતિની–સફળતાની–વિકાસની નવી નવી કેડીઓ કંડારાય છે. નવું દર્શન પ્રાપ્ત થાય છે. જેણે આત્મ-વિશ્વાસની ક્ષિતિજો ઉઘાડવી છે તેણે તો નિષ્ફળતાઓને જીરવી લેતાં શીખી લેવું જોઈએ. મનુષ્ય ખૂબ જ સહેલાઈથી નાસીપાસ થઈ જાય છે એટલી જ સહેલાઈથી તે ઈશ્વરવિમુખ પણ બની જાય છે. આ પરિવર્તન ખૂબ જ દુઃખદ છે. આધ્યાત્મિક પથના યાત્રીએ એથી જ શ્રદ્ધા અને શરણાગતિના ભાવને સતત ને સતત ઘૂંટયા જ કરવાનો છે, જેથી જીવનમાં માનસિક સમાધાન કેળવવાની અને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવાની ક્ષમતા પ્રગટે એમ મારું માનવું છે."

અનન્તભાઈના ચહેરા પર હળવાશની રેખાઓ તરવરી ઊઠી. અંદર કંઈક ઉઘાડ થતો અનુભવાયો. હું મનોમન માને વંદી રહ્યો અને ઉભય પિતા–પુત્રના શ્રેયાર્થે પ્રાર્થના કરી.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – R૨. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)

# અમૃતનું આચમન

## કાન્તિલાલ કાલાણી

**પ્રશ્ન : ભક્તિ કે સત્સંગ કરતી વેળા મન બીજે જાય તો શું કરવું ?**

મન ચંચળ સ્વભાવવાળું છે. તે એક સ્થાને વધુ સમય રહી શકતું નથી. તેને ગમતો વિષય મળી જાય તો થોડો સમય ત્યાં ટકી રહે છે. પણ વળી કૂદકો મારી બીજે પહોંચી જાય છે. જેને ભક્તિ અગર સત્સંગમાં રસ છે તેમણે મન જ્યાં દોરે ત્યાં દોરાવું ન જોઈએ. તેણે જાગ્રત કે સાવધાન બની મનને કહેવું જોઈએ કે તારે જે કરવું હોય તે કર; હું અહીંથી ખસીશ નહિ. તેણે તેનો દૃઢ કે અફર નિર્ણય મનને જણાવી જ દેવો જોઈએ, નહિતર ભક્તિ કે સત્સંગ થઈ શકે નહિ.

મનનો ગુણ વિકલ્પ કે કલ્પના છે. એટલે તે તેના ગુણ-ધર્મ પ્રમાણે વર્તે. મનુષ્ય મન પાસે ભક્તિ કે સત્સંગ કરાવવા માગતો હોય તો તેનું મન પર ધ્યાન હોય ત્યાં સુધી તે ભક્તિ કે સત્સંગ કરે, પણ ત્યાંથી ધ્યાન ખસ્યું કે તરત તેના ગુણ-ધર્મ પ્રમાણે વર્તવા માંડે. દા. ત. ઘોડેસવાર ઘોડા પર સવારી કરી ઇચ્છિત સ્થાને જવા તૈયાર થયો હોય અને તેને સમયસર તે સ્થાને પહોંચવું હોય તો ઘોડાને રવાલમાં ચલાવવો પડે. ઘોડો શરૂઆતમાં અસ્વારની ઇચ્છા પ્રમાણે ચાલે, પણ અસ્વારનું ધ્યાન બીજે જાય તો ઘોડાને તેની ખબર પડી જાય અને તે તેની ચાલ બદલી નાખે. એટલે ઇચ્છિત સ્થાને સમયસર પહોંચવા અસ્વારે સતત જાગ્રત રહેવું પડે. એટલું જ નહિ, વચમાં કોઈ એવું દૃશ્ય આવે અને ઘોડો ભડકે, ઊછાળો મારે અને અસ્વાર જાગ્રત ન હોય તો તેને તે પછાડે પણ ખરો. તેવી રીતે ભક્તિ કે સત્સંગ વેળા સતત જાગ્રતિ ન હોય તો કેટલુંક માથા પરથી જતું રહે અથવા ઝોકું આવી જાય. એટલે ભક્તિ કે સત્સંગ જાતે જ કરવો જોઈએ. એમાં આળસ ન કરાય. સમજપૂર્વક ભક્તિ અને સત્સંગ કરવાથી મન બીજે નહિ જાય. એટલે દેખાદેખીથી, ભયથી કે કોઈને સારું લગાડવા ભક્તિ કે સત્સંગ થાય નહિ. સત્સંગ કે ભક્તિ પરંપરાગત રીતે કે દેખાદેખીથી થાય છે એટલે પરમાત્માની સત્તારૂપે સર્વત્ર હાજરી હોવા છતાં હાજરી અનુભવાતી નથી. વ્યક્તિએ જેની ભક્તિ કરવી છે અને જેની સાથે તેણે સત્સંગ કરવો છે તેની હાજરી જોઈએ. હાજરી વિના ભક્તિ કે સત્સંગ શી રીતે થાય ?

— મનુષ્ય મૂર્તિમાં કે તસવીરમાં ભગવાનની હાજરી સમજવા તૈયાર નથી, તો સંબંધમાં આવનાર મનુષ્યમાં તેમની હાજરી કઈ રીતે માની શકે ? સત્સંગ ઘણી વખત સાચું સમજવા માટે નહિ પણ પોતાની વિશેષતા બતાવવા અથવા તેના દ્વારા વિશેષતા મેળવવા માટે થતો હોય છે. આવો અપેક્ષિત ભાવ હોય તો સાચા સત્સંગનું રૂપ કેવી રીતે સમજી શકાય ?

ભક્તિ કે સત્સંગ કરતી વેળા મન બીજે જતું હોય તો મનને છોડી દેવું, પણ સત્સંગ કદી ન છોડવો. જે બાધારૂપ બનતું હોય તેને છોડી દેવાય કે જે પરમ સત્તાનો અનુભવ કરાવે તેને ?

મનુષ્યના મનમાં જગતનો જ મહિમા હોય છે અને જગત તેને વહાલું લાગે છે. એટલે મન સ્વાભાવિક રીતે જ લટાર મારવા નીકળી પડે છે. ભક્તિ કે સત્સંગ પ્રત્યેની નિષ્ઠા અને તે અંગેનો નિશ્ચય નહિ હોય ત્યાં સુધી એમ બનતું રહેવાનું. એટલે નિષ્ઠામાં વૃદ્ધિ કરતાં જવી અને નિશ્ચય દૃઢ કરતા જવું.



Scanned by CamScanner

પ્રશ્ન : નિત્યના સત્સંગથી જે પ્રાપ્ત થાય તે અનુકૂળતાએ કરેલા સત્સંગથી પ્રાપ્ત થાય ખરું ?

કોઈ છોડને નિયમિત રીતે જલસિંચન કરીએ અને તેની વૃદ્ધિ થાય અને તેને અનુકૂળતાએ અથવા અઠવાડિયે એકાદ વાર પાણી પાઈએ તો તેની જે વૃદ્ધિ થાય તેમાં ફેર પડી જાય. છોડની ધીમી ગતિએ વૃદ્ધિ થતી હોય તો થાય. જે વિદ્યાર્થી કાયમ અભ્યાસ કરતો હોય અને અઠવાડિયે એક વખત હાથમાં ચોપડી પકડતો હોય તેનું પરિણામ ભાગ્યે જ એકસરખું આવે! જો કે નિત્ય અભ્યાસ કરનારે એક જાગૃતિ રાખવી પડે. તેનું ભણતર ખંતપૂર્વક, ઉત્સાહપૂર્વક, એકાગ્રતાથી અને સમજણપૂર્વક ન થતું હોય તો તેનામાં આત્મવિશ્વાસ જાગે નહિ. તે સંયોગો અને વાતાવરણને વશ થઈ જાય. આવું જ સત્સંગની બાબતમાં છે.

મનુષ્ય સમજપૂર્વક અને ઉમંગથી નિત્ય સત્સંગ કરતો હોય તો એ સંયોગો અને વાતાવરણને પોતાના આત્મવિશ્વાસમાં લીન કરી દેશે.

સમજપૂર્વકનો નિત્ય સત્સંગ થતો હોય તો સત્સંગમાંથી પ્રાપ્ત થયેલા વિચારની તાકાતથી તે દેહભાવથી, હુંપણાના અને મારાપણાના ભાવથી તેમ જ ઇચ્છાશક્તિથી વહેલો છૂટો થઈ શકે. પણ અનુકૂળતાએ સત્સંગ કરનારને આ બધામાંથી છૂટા થતા ખૂબ સમય લાગે. વિદ્યાર્થી સમયનો ખોટો બગાડ ન કરે અને નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરે તો આગળ નંબર રાખે છે; જ્યારે વર્ગમાં નિયમિત હાજરી આપતો વિદ્યાર્થી અભ્યાસમાં ધ્યાન ન આપે અને સમય વેડફે તો પાસ થવાની શક્યતા ઓછી છે.

અનુકૂળતાએ સત્સંગ કરનારી વ્યક્તિ આવેલા પ્રસંગોથી જલદી છૂટી પડી શકે નહિ. તેમ છતાં તે કોઈ વખત છૂટાપણું અનુભવે ખરી. આ બાબતમાં અનુભવીઓનો અભિપ્રાય છે કે અઠવાડિયામાં એક વખત સત્સંગ કરવો જ જોઈએ. નિત્ય સત્સંગ થાય તે ઘણો જ લાભકર્તા છે. સમજણપૂર્વક નિત્ય સત્સંગ કરનારમાં પરમાત્માની પ્રેરણા અવિરતપણે વહ્યા કરે છે. તેવી પ્રેરણા અઠવાડિયે એક વખત સત્સંગ કરનારમાં ન આવે.

સમજણપૂર્વકના નિત્ય સત્સંગથી નિષ્ઠા અને આત્મવિશ્વાસ વધે છે. શાંતિ, આનંદ અને સ્થિરતાનો અનુભવ થાય છે. રોજ-બરોજના પ્રસંગોમાં પકડાઈ જવાતું નથી અને વિશેષ જાગૃતિ રહે છે. એટલે દેહભાવ ક્ષીણ થતો જાય છે અને આત્મભાવ દૃઢ બને છે.

□

મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષ
હરહંમેશ વરસતા રહો એવી વિનંતી સહ—

**પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ** * ફોન. નં. 366943

મેન્યુફેક્ચરર્સ એન્ડ માર્કેટીંગ સોસાયટી
સૂરજ બ્રાન્ડ બ્લ્યુ પાવડર તથા સૂર્યા બ્રાન્ડ લીકવીડ બ્લ્યુના ઉત્પાદક

★

બાબીનવાલા એસ્ટેટની બાજુમાં, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ * અમદાવાદ-380 023



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

**પ્ર૦ : ક્યારેક જપ-ધ્યાન કરતી વખતે અને અતિશય વ્યસ્ત પળોમાં પણ ચિત્ત સરસ અને સરળતાથી એકાગ્રતા, સંલગ્નતા અને સભરતાનો અનુભવ આપોઆપ કરે છે, તો કેટલીક વાર પ્રયત્ન કરવા છતાં પણ સંલગ્નતા અને સભરતાનો અનુભવ થતો નથી. આવું કેમ થાય છે?**

ઉ૦ : તમે જે પ્રવૃત્તિ કરી રહ્યા છો તેમાંથી તમારું મન હટી જાય છે અને બીજી-ત્રીજી પ્રવૃત્તિમાં દોડે છે. તમે જ્યારે તમારા કાર્યમાં વ્યસ્ત હો ત્યારે તેમાંથી મન હટી જાય છે અને ચિત્ત ઈશ્વર સ્મરણમાં ઠરવા આતુર થઈ ઊઠે છે. જ્યારે સ્મરણમાં બેઠા હો ત્યારે તમારું ચિત્ત બીજા-ત્રીજા કાર્ય અંગે વિચાર કરવા લાગી જાય છે. આથી તમારું મન સ્થિર નથી. સ્વસ્થ નથી. એ તમારી અધૂરી સાધનાનું પરિણામ છે. આથી તમારે સતત સાધના ચાલુ રાખવી પડશે. મનને સતત ઠપકારવું પડશે કે આ નીકળ, આ નીકળ. એ વર્ષોની સાધનાને અંતે જશે. તરત નહિ જાય.

સંલગ્નતા અને સભરતાની અખંડ અનુભૂતિ માટે ઉપાસનાને નિત્ય, નિયમિત અને સઘન બનાવો. શ્રદ્ધા અને શરણાગતિના ભાવને ઘૂંટયા કરો. પ્રાર્થના કરો. પોકાર પાડો. સંલગ્નતા અને સભરતા અંદરથી જ ઉદ્‌ભવ્યા કરશે.

**પ્ર૦ : અહમ્‌ને ઓળખવો અને ઓગાળવો કઈ રીતે?**

ઉ૦ : અહમ્ તો વ્યક્તિની ચાલ પરથી જ ઓળખાઈ જાય છે. વાણી, વર્તનમાંથી અહમ્‌નો પરિચય પ્રાપ્ત થાય છે. અહમ્‌ને ઓળખવા માટે દરરોજ રાત્રે સૂતી વખતે દસ મિનિટ આત્મનિરીક્ષણમાં ગાળો. આખા દિવસ દરમ્યાન તમે જે જે કાર્યો કર્યાં તેને યાદ કરો. દિવસ દરમ્યાન તમે કોઈને પણ કોઈ પણ પ્રકારની હાનિ થાય તેવું કોઈ કાર્ય તો કર્યું નથી ને! કોઈના દિલને દુઃખ તો પહોંચાડયું નથી ને! દિવસ દરમ્યાન તમે જે કાર્યો કર્યાં તેમાં સ્વાર્થ તો નહોતો ને! કોઈને માટે ભલી લાગણી પણ દિલમાં ફરકી છે ખરી? શું તમે ઈશ્વરને હાજર જાણીને કાર્યો કર્યાં છે ખરાં? તમે જે માર્ગે જઈ રહ્યા છો અને તમે જે કાર્યો કરી રહ્યા છો તેમાં શું તમારી કોઈ શક્તિ કામ કરે છે, તમારી કોઈ હેસિયત છે! કે પછી તમારા સઘળા જીવન-કાર્યમાં તમે ઈશ્વરીય પ્રેરણા અને શક્તિના પ્રવર્તનનો જ અનુભવ કરો છો એ અંગે સ્વસ્થતાથી વિચારવાનું છે.

વિનમ્રતા અને વિવેક કેળવવાથી અહમ્‌ને ઓગાળી શકાય છે. સૌની સાથે હળી-મળી-ભળીને રહો. સહાનુભૂતિ અને અનુકંપા દાખવો. સૌનાં સુખ-દુઃખના ભાગીદાર બનો. જો તમે સત્તાસ્થાને બેઠા હો તો સૌ સાથે પ્રેમ અને આત્મીયતાપૂર્વક વર્તો, તેના કાર્યમાં રસ દાખવો, તેને પ્રોત્સાહન આપો. અહમ્‌ને ઓગળતો તમે જાતે જ અનુભવી શકશો. અહમ્‌ને ઓગાળવા જીવનમાં સહન કરતાં શીખો. મુસીબતો, વિપત્તિઓ, માનસિક યાતનાઓ, સંઘર્ષો સામે ઝઝૂમો. મુસીબતોની આગમાં અહમ્ આપોઆપ ઓગળી જશે.

**પ્ર૦ : વ્યક્તિના ઊંડા માનસિક આઘાતો કઈ રીતે રુઝાઈ શકે?**

ઉ૦ : સમસ્ત વિશ્વમાં માનવ માનવ વચ્ચે ભાવાત્મક એકતા, અખંડિતતા, પ્રેમ, દયા અને કરુણાની પ્રસ્થાપના માટે તમારો પ્રશ્ન ખૂબ આવકાર્ય છે. વ્યક્તિના માનસિક આઘાતો અંગે આપણે આ સંદર્ભમાં જ વિચારવું જોઈએ એમ હું માનું છું.

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૩



Scanned by CamScanner

સૌ પ્રથમ તો હું તમને પ્રશ્નનો જવાબ આપી દઉં કે, સમય જ એક માત્ર એવું પરિબળ છે કે જે વ્યક્તિના ઊંડા માનસિક આઘાતોને રૂઝવી શકે. સમય બળવાન છે. એનું કાર્ય કર્યે જ જાય છે. દિલના આઘાતોને રૂઝવવા માટે સમયના પ્રબંધ પટને પસાર થઈ જતો મૂક ભાવે-પ્રેક્ષક ભાવે નિહાળ્યા કરવો પડે છે. એ પસાર થઈ જવાની પ્રતીક્ષા કર્યા કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

કહેવત છે ને કે દુઃખનું ઓસડ દહાડા.

મનુષ્યના માનસિક આઘાતની પળો અત્યંત વેદનાજનક અને અસહ્ય હોય છે. મનુષ્યના સમગ્ર જીવન પર એ પોતાનો ઓછાયો પાથરે છે અને માનવીય નૂરને, સમગ્ર જીવનના ખમીર અને ખુમારીને પણ નષ્ટ કરી દે છે. ક્યારેક માનવી એ આઘાતની પળોમાંથી ક્યારેય બહાર નથી આવી શકતો અને જ્યારે આવે છે ત્યારે જિંદગીનાં ઘણાં કિંમતી વર્ષો એ પસાર કરી ચૂક્યો હોય છે, ઘણું મોટું નુકસાન તેણે વેઠ્યું હોય છે; જેનો કોઈ જવાબ નથી હોતો. આથી જ હું કહેતો રહ્યો છું કે, કદી કોઈનો વિશ્વાસઘાત ન કરવો. કોઈના દિલને દુઃખ ન પહોંચાડો. મારી દૃષ્ટિએ વિશ્વાસઘાત અને કોઈના દિલને દુઃખ પહોંચાડવા જેવું બીજું મોટું પાપ કોઈ નથી. માનવજાત માટે આ એક શરમજનક ઘટના સમજું છું. આપણે આપણા જ બન્ધુઓનાં દિલને એક પથ્થરની જેમ, એક શિલાની જેમ ભાંગતાં રહ્યાં છીએ. આ અમાનવીય કૃત્ય છે અને કદાચ ઈશ્વર પણ આ કૃત્યને માફ નહિ કરે, એમ હું સ્પષ્ટપણે માનું છું. સમયાન્તરે આ કૃત્ય બન્ધનકર્તા નીવડે છે, કારણ કે આઘાત પામનારના દિલમાંથી નિસાસો, હાયકારો પણ સતત નીતર્યા જ કરતો હોય છે. માનવતાના પૂજારી માટે આઘાતો, નિસાસા, હાયકારા નિર્માણ કરવાનું શોભાસ્પદ નથી. આથી પ્રેમ, દયા, કરુણા અને માનવતાના ભાવોને હૃદયમાં, વાણીમાં, વ્યવહારમાં, વર્તનમાં ઘૂંટતા રહો, અપનાવતા રહો, સહૃદયતા અને સહાનુભૂતિને કેળવતા રહેશો તો, તમારા થકી કોઈને આઘાત પહોંચાડવાનું દુષ્કૃત્ય તો નહિ થાય ને!

જેમણે આધ્યાત્મિક માર્ગે જવું છે, જેમણે એ માર્ગે પ્રયાણ આદર્યું જ છે, જેમણે ઈશ્વરકૃપા પ્રાપ્ત કરવી છે કે કરી છે; તેઓ પોતાના સમ્પર્કમાં આવતા કોઈપણ મનુષ્યને માટે આઘાતજનક પરિસ્થિતિ ન સર્જાય તેની સાવધાની અને સજાગતા દાખવે તે જરૂરી અને અનિવાર્ય સમજું છું.

□

▣ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ▣

## રમેશભાઈ ડોકટર સિલ્ક મિલ્સ

૮/૨૩૬૨, ગોપીપુરા, મોટી છીપવાડ, સૂરત — ટે. નં. ૬૩૨૧૫૪

❖

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ



Scanned by CamScanner

# સમાચાર

* પૂ. ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ હોવાથી તા. ૯-૪-'૯૩ થી તા. ૬-૬-'૯૩ સુધી 'નીલેષા' પર મુલાકાત બંધ રહેશે. તા. ૭-૬-'૯૩ ને સોમવારથી 'નીલેષા' પર રાબેતા મુજબ મુલાકાત ચાલુ થશે.

* સુરતમાં તા ૧૯-૬-'૯૩ શનિવાર અને તા. ૨૦-૬-'૯૩ રવિવારના રોજ પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજાયો છે : **મુલાકાતનું સ્થળ** : એ/૬ ત્રિકમનગર સોસાયટી, દર્પણ ટોકિઝ પાસે, લંબે હનુમાન રોડ, વરાછા રોડ, સુરત. **સમય** : બપોરે ૧૨ થી ૪.

* સુરતમાં વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ હોવાથી પૂ. ગુરુદેવ તા. ૧૮-૬-'૯૩ થી તા. ૨૩-૬-'૯૩ સુધી 'નીલેષા' પર મળી શકશે નહિ. તા. ૨૪-૬-'૯૩ થી રાબેતા મુજબ મળી શકશે.

* તા. ૩-૭-'૯૩ ને શનિવારના રોજ ગુરુપૂર્ણિમા હોવાથી પૂ. ગુરુદેવ નીચેના સ્થળે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી દર્શન આપશે : પી. જી. મહેતા મેમોરિયલ હૉલ, શંકર આશ્રમ સામે, દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૭.

* લન્ડનમાં પૂ. ગુરુદેવનો કાર્યયજ્ઞ હોવાથી તા. ૬-૭-'૯૩ થી તા. ૧-૮-'૯૩ સુધી 'નીલેષા' પર મળી શકશે નહિ. તા. ૨-૮-'૯૩ ને મંગળવારથી રાબેતા મુજબ 'નીલેષા' પર મુલાકાત ચાલુ થશે.

* તા. ૨૪-૩-'૯૩ થી તા. ૧-૪-૯૩ સુધી ચૈત્ર નવરાત્ર તેમજ તા. ૨૧-૬-'૯૩ ને સોમવારથી તા. ૨૮-૬-'૯૩ સુધી અષાઢી નવરાત્ર છે. વિશિષ્ટ ઉપાસના કરનારને પૂ. ગુરુદેવના આશીર્વાદ છે.

* **લન્ડનના કાર્યયજ્ઞની વધુ વિગત માટે —**
શ્રી પ્રદીપ એસ. વડેરા, ફોન નં. ૦૫૩૩ - ૩૫૪ - ૬૧૧ નો સંપર્ક સાધવો.


॥ જય ગાયત્રી મા ॥
॥ જય ગુરુદેવ ॥

★ ગોદાવરી જ્વેલર્સ ★

૨૨ કેરેટ કેડીયમ સોના-ચાંદીના
દાગીના બનાવનાર - વેચનાર

૬, દેવભૂમિ શોપિંગ સેન્ટર,
હીરા-પન્ના બસ સ્ટોપની સામે,
ડ્રાઈવઈન રોડ, અમદાવાદ - ૯
ફોન : ઘર : ૪૪ ૭૭ ૯૩
દુકાન : ૪૬ ૧૭ ૫૬

☎ Resi. 36505

RAJLAXMI ELASTIC

Manufacturers & Dealers in :
- ELASTIC GOODS
- RIBBONS
- ART-SILK CLOTH
- YARN MERCHANT
- COMMISSION AGENT

9/568-A, Kotsafil Road,
SURAT - 395003




Scanned by CamScanner

# ૐ મા ૐ

પરમ શક્તિ મંત્રના પ્રણેતા



રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner